વીવેકપંથી

૬૯

ડીસેમ્બર ૨૦૦૭

તંત્રી : ગુલાબ ભેડા

કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૩.

ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧

'વીવેકપંથી' અને 'નયા માર્ગ' વેબસાઈટ પર

ઉપરના બે સામયીકો - માસીક 'વીવેકપંથી' અને પખવાડીક 'નયા માર્ગ' તા.૧-૧-૨૦૦૮ ના રોજ વેબસાઈટ પર ખુલી રહ્યાં છે.

પ્રથમ તો બંનેના કોડ કાળજીપુર્વક નોંધી લો.

'વીવેકપંથી' માટે : http://vivekpanthi.googlepages.com/

'નયા માર્ગ' માટે : http://nayaamaarg.googlepages.com/

આ સાહસના કર્ણધાર 'સન્ડે ઈ-મહેફીલ'વાળા સુરતના ૭૩ વર્શીય 'યુવાન' ઉત્તમ ગજ્જરને તો હવે કોણ નથી ઓળખતું ! એમની 'સન્ડે ઈ-મહેફીલ'ની વાત આપણે માર્ચ ૨૦૦૭માં વીગતે વાંચી ચુક્યા છીએ.

વેબસાઈટ માટેના એમના સક્રીય સાથી છે, સુરતના યુવાન વીજ્ઞાન શીક્ષક સુનીલ શાહ.

રમણ પાઠકની ભાશામાં આ 'ધર્મકાર્ય'માં ચેન્નાઈ સોફ્ટવેરના હીમાંશુ મીસ્ત્રીનો ટેકનીકલ સહયોગ છે, તો સંપાદન સંભાળનાર અમેરીકાસ્થીત દીપક પટેલ પણ છે. દીપક મને કહેતા રહ્યા છે, 'અતી તીવ્ર ગતીએ વીકસતા વીજ્ઞાન સાથે તાલ મીલાવવા સત્વરે સજ્જ થાઓ, તમારો આ મીત્ર સહકાર માટે તૈયાર છે.'

પણ તમારા આ તંત્રી માટે ક્ષેત્ર સાવ અજાણ્યું છે, છતાં મુ. રમણ પાઠકને મેં ફોન પર કહ્યા પ્રમાણે મારે હવે વધુ જાગ્રત અને વધુ જવાબદાર બનવું પડશે.

સુનીલ શાહના કહેવા પ્રમાણે બંને સામયીકોના ૨૦૦૭ના અંકો આ વેબસાઈટ પર મુકીને પ્રારંભ કરવામાં આવશે, પણ લોકલાગણી - માગણી પ્રમાણે તૈયારી આગલા બધા જ અંકો મુકવાની છે.

બંને સામયીકોની આ હરણફાળને વાચકો વધાવી લેશે તેવી આશા સાથે ખાસ વેબસાઈટ માટે જ પ્રા. રમણ પાઠકે 'વીવેકપંથી' માટે અને ડો. યોગેન્દ્ર વ્યાસે 'નયા માર્ગ' માટે લખેલી પ્રસ્તાવના અહીં પ્રસ્તુત છે. - તંત્રી

પ્રસ્તાવના

રેશનલ ચમત્કાર

પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'

દેશ - વીદેશના આદરણીય હમસફર મીત્રો,

આજે અમે આ વેબસાઈટ શરુ કરી રહ્યા છીએ. એનો મંગલ ઉદ્દેશ, અમે અહીં ગુજરાતમાં જે વાંચીએ-વીચારીએ, તેના આપ સૌને હમસફર અને હમદર્દ બનાવવાનો છે. આ તો ગુજરાતની એક નવી જ દીશા અને નવી જ શુભ દશા, અર્થાત્ પ્રગતીશીલ તથા વૈજ્ઞાનીક વીચારો તેમ જ જીવનાભીગમની ધીમી છતાં મક્કમ આગેકુચ.

રેશનાલીઝમ એટલે વીવેકબુધ્ધીવાદ. માટે જ મુંબઈના મીત્રોએ પોતાના મુખપત્રનું નામકરણ કર્યું છે, 'વીવેકપંથી'. એની સત્ત્વશીલ સામગ્રી દ્વારા મુંબઈ-ગુજરાત પ્રદેશમાં રેશનાલીઝમનો જે પ્રચાર થઈ રહ્યો છે એમાં પાયાના પુરુશ છે, ગુલાબ ભેડા - 'વીવેકપંથી'ના તંત્રી અને દ્રશ્ટીવંત સંપાદક. આર્થીક તંગી અતી તીવ્ર હોવા છતાંય દરમાસે આ સામયીક આજે તો નીયમીત પ્રગટે, અચુક વહેંચાય - વંચાય - ચર્ચાય. વળી, એની નેત્રદીપક સામગ્રીને કારણે તે અતી લોકપ્રીય પણ બન્યું છે.

હવે આપ સૌને, મતલબ કે વીશ્વભરના લાખો ગુજરાતી વાચકોને પણ નેટ પર તે નીયમીત જાણવા - વાંચવા મળશે. આ છે વીજ્ઞાનનો ચમત્કાર! ચીલાચાલુ ચમત્કારના વીરોધી એવા રેશનાલીસ્ટો વીજ્ઞાનના આવા

ચમત્કારને તો વધાવે છે. વધુમાં નોંધપાત્ર તથા આવકાર્ય ઘટના તો એ કે, 'વીવેકપંથી' શરૂઆતથી 'ઉઝા જોડણી'માં જ છપાય છે. મીત્રો, 'ઉઝા જોડણી'ને 'રેશનલ જોડણી' તરીકે માન્ય કરવામાં આવી છે, એ કદાચ આપ જાણતા જ હશો.

બીજું એવું જ એક સામયીક છે, 'વૈશ્વીક માનવવાદ' અને તેના તંત્રી છે મહેમદાવાદસ્થીત બીપીન શ્રોફ. તેઓ પણ પ્રતીમાસ આવા પ્રગતીશીલ તથા તંદુરસ્ત વીચારો, એટલે કે રેશનલ વીચારો જનતા સમક્ષ નીયમીત મુકે જ છે. આ માસીક પણ પ્રગટે છે 'ઉઝા જોડણી'માં. મીત્રો, આવાં 'ઉઝા જોડણી'માં પ્રગટતાં અને રેશનલ વીચારધારા પ્રસરાવતા અન્ય સામયીકો પણ આ વેબસાઈટ પર મુકવાની અમારી નેમ છે.

એ ઉપરાંત, જુદાં જુદાં સામયીકોમાં પ્રગટતાં લેખો-કાવ્યો આદી સામગ્રીમાંથી પણ રેશનલ વીચારધારા પ્રસારક સામગ્રી આપને જાણવા-માણવા આ વેબસાઈટ પર અમે મુકીશું.

આવી સમગ્ર યોજનાનો અર્થાત રેશનલ વીચારોને વેબસાઈટનું સ્વરુપ આપવાનો ઉત્તમ વીચાર, 'સન્ડે ઈ-મહેફીલ'ના સંપાદકો પૈકીના ઉત્તમ ગજ્જરને આવ્યો, જેઓ સુરતના નીવૃત ભાશાશીક્ષક છે અને 'ઉઝા જોડણી'ના મીશનરી ધગશવાળા સમર્થક અને પ્રચારક છે.

આ વીચાર તથા યોજનાને ટેકનીકલ સ્વરુપ આપવાના "ધર્મકાર્ય"માં, મુળ સુરતના અને હાલ ચેન્નાઈસ્થીત સોફ્ટવેર કંપનીમાં કાર્યરત એવા નવયુવાન મીત્ર ભાઈ હીમાંશુ મીસ્ત્રીનો બહુમુલ્ય સાથ-સહકાર સાંપડયો છે.

વેબસાઈટની સામગ્રીના સંપાદનની જવાબદારી, મુળ સુરત જીલ્લાના બારડોલીની પાસેના આફવા ગામના અને હાલ અમેરીકાનીવાસી એવા યુવાન ભાઈ દીપક પટેલ તથા સુરતના આવાં સેવાકાર્યમાં રત એવા બે શીક્ષકો ઉત્તમ ગજ્જર અને ભાઈ સુનીલ શાહ સંભાળાવાના છે. સુનીલભાઈ વીજ્ઞાન શીક્ષક છે. યુવાન છે અને વળી ઉભરતા કવી છે. આ વેબસાઈટ છે. http://Vivekpanthi.googlepages.com/

આમ, નર્મદનગરી સુરતથી જ રેશનાલીઝમની માનવીય વીચારધારાને ઈલેક્ટ્રોનીક પાંખે ઉડતું કરવાનો ઉત્તમ યજ્ઞ આરંભાય છે, એ આનંદની ઘટના છે. ગુજરાતમાં, ભારતવર્શમાં અને દુરસુદુર દેશાવરમાં વસતા લાખો ગુજરાતી પરીવારોમાં હવે ગુજરાતના રેશનાલીસ્ટ આંદોલનની જાણકારી જન્મશે અને રેશનલ વીચારો પહોંચશે; જેને આપ સૌ વીચારો, ચર્ચો અને એક માનવવાદી પુરુશાર્થ તરીકે યથાશક્તીમતી અનુસરો, બસ એ જ અમારો આનંદ.

હવે મીત્રો, રેશનાલીઝમ એટલે શું ? એય અમે આપને સંક્ષેપમાં જણાવીએ : રેશનાલીઝમને ગુજરાતીમાં 'વીવેકબુધ્ધીવાદ' કહેવાય છે; કારણ કે રેશનાલીસ્ટ જીવનાભીગમનો પાયો જ છે વીવેક. 'વીવેક' એટલે એના મુળ સંસ્કૃત ભાશાકીય અર્થમાં સાર-અસારને, સત્ય-અસત્યને, શુભ-અશુભને, હીતકર-અહીતકરને યથાર્થ પારખવાની બુદ્ધીશક્તી. જેમ કે 'નીરક્ષીર વીવેક' એટલે દુધ અને પાણીને અલગ અલગ ઓળખી છુટાં પાડવાની વીવેકબુદ્ધી. આ કાર્યનાં ત્રણ પગથીયાં છે: તર્કવીવેક, નક્કર અનુભવ અને વૈજ્ઞાનીક પ્રયોગ. આ ત્રણેય પ્રક્રીયામાં અચુક તથા એક પણ અપવાદ વીના જ એકધારું ટકીને પાર પડે તે સત્ય - વૈજ્ઞાનીક સત્ય.

આવો વૈજ્ઞાનીક અભીગમ પ્રાપ્ત થતાં જ એવી વ્યક્તીને વહેમો, અંધશ્રધ્ધાઓ, મીથ્યા માન્યતાઓ, અર્થહીન કર્મકાંડો, ગુરુગ્રંથોની વણસમજી, એકપક્ષી, નીરર્થક અને ઘણી વાર તો ગંભીર હાનીકર્તા એવી નાગચુડમાંથી બસ મુક્તી જ મુક્તી ! પછી તો જે વૈજ્ઞાનીક સત્ય છે, એના જ આધાર પર, એને જ માન્ય એવાં નીતી, આચારસંહીતા તથા 'ધર્મ'ને અનુસરતાં, બસ મુક્ત અને નીર્ભય, સ્વચ્છ અને સ્વસ્થ જીવન જીવવાનું. બોલો, કેટલી શાંતી !

દોસ્તો, રેશનાલીઝમની વ્યાખ્યા જ એવી છે કે, એમાં તર્કવીવેક (રીઝન)ની સર્વોપરીતાનો બીનશરતી સ્વીકાર અને એ જ પ્રમાણેનાં નીતી-આચાર મુજબનું જીવન, અર્થાત વૈજ્ઞાનીક જીવનાભીગમ. આમ, રેશનાલીઝમ એ કોઈ વીચાર કે વાદમાત્ર નથી; જીવન પધ્ધતી છે, જીવનકલા છે.

રેશનાલીઝમ એ સત્ય પામવાની વીચાર-તર્કયુક્ત પધ્ધતી તો છે જ, ઉપરાંત એ તો સત્ય જીવવાની પણ ઉત્તમ વ્યવસ્થા છે અને શાસ્ત્રો પણ કહે છે કે સત્યની સાધના જીવનનાં અને સમાજનાં સર્વ અનીશ્ટોને હણી નાખે છે, અસ્તુ....

- પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'

એ-૪, નટરાજ એપાર્ટમેન્ટ, સરદાર બાગ, બારડોલી - ૩૯૪ ૬૦૧ ફોન : ૦૨૬૨૨-૨૨૨૧૭૬

★ ★ ★ ★ ★

"હે લોકો,
હું જે કંઈ કહું તે પરંપરાગત છે એમ જાણી ખરું માનશો નહીં.
તમારી પુર્વપરંપરાને અનુસરીને છે એમ જાણીને પણ ખરું માનશો નહીં.
આવું હશે એમ ધારી ખરું માનશો નહીં.
તર્કસીદ્ધ છે એમ જાણી ખરું માનશો નહીં.

લૌકીક ન્યાય છે એમ જાણી ખરું માનશો નહીં.
સુંદર લાગે છે માટે ખરું માનશો નહીં.
તમારી શ્રદ્ધાને પોશનારું છે એવું જાણી ખરું માનશો નહીં.
હું પ્રસીદ્ધ સાધુ છું, પુજ્ય છું, એવું જાણી સાચું માનશો નહીં.
પણ તમારી વેવીકબુદ્ધીથી મારો ઉપદેશ ખરો લાગે તો જ તમે તેનો સ્વીકાર કરજો."

–ગૌતમ બુદ્ધ

'નયા માર્ગ' વેબસાઈટની પ્રસ્તાવના

'નયા માર્ગ' દ્વારા એક નવો આરંભ

વંચીતો–રહીતો માટેનો અવાજ હવે વીશ્વભરમાં સંભળાશે **– ડૉ. યોગેન્દ્ર વ્યાસ**

આપણો સમાજ કાયમ માટે બે વર્ગોમાં વહેંચાયેલો જોવા મળે છે : ભણેલો અને અભણ; શાહુકાર અને ગરીબ; સહીતો (have) અને રહીતો (have not); શેઠ અને નોકર; ઉંચો અને નીચો. આ બંને વર્ગોમાંનો પ્રથમ હંમેશાં બળવાન અને બોલકો રહ્યો છે. આપણો સમાજ પૌરાણીક સંદર્ભમાં ભારતીય સંસ્કૃતીની કે આજના સંદર્ભના લોકશાહીની ગમે તેટલી દુહાઈ દે; પણ આપણો બીજો વર્ગ ઉપેક્ષીત જ રહ્યો છે. કરુણતા તો એ છે કે પ્રથમ વર્ગ દ્વારા જ એવી સામાજીક વ્યવસ્થાઓ ગોઠવાતી રહે છે કે જેને કારણે આ બીજા વર્ગને ક્યારેય ઉંચે આવવાની તક મળતી નથી !

આપણું સાહીત્ય, આપણું મીડીયા, આપણા ધર્મ–સંપ્રદાયો અને ક્યારેક તો શીક્ષણપ્રથાઓમાં પણ જોઈશું તો, સમાજના પ્રથમ વર્ગને જ જાણ્યે–અજાણ્યે વીશેશ મહત્વ અપાતું જોવા મળશે ! આ બધામાં સંખ્યાની દ્રષ્ટીએ સમાજનો ખરેખર જે વીશાળ વર્ગ છે – બલકે સમાજના વીકાસમાં જેનાં અત્યંત મહત્ત્વનાં પરીશ્રમ–પ્રદાન છે તે, આ બીજો વર્ગ જ 'ઉંચો' ગણાવો જોઈએ. એને બદલે એ જ વર્ગ ઉપેક્ષીત રહે છે !

આ બધાં પાછળનું એક મહત્ત્વનું કારણ એ છે કે, આ વર્ગ વીશાળ અને મહત્ત્વનો હોવા છતાં એ બોલકો નથી. એને પોતાની વાત સમાજ પાસે રજુ કરવાની કાં તો જરુર જણાઈ નથી, કાં તો એની પાસે એ માટે સમજ – સગવડ – સજ્જતા નથી કે પછી તાકાત જ નથી. આપણા સાંસ્કૃતીક – ધાર્મીક આગેવાનો, શીક્ષણાચાર્યો અને કેટલાક રાજા–મહારાજાઓએ પણ આપણને આ મોટા છતાં નબળા વર્ગ તરફ વધુ ધ્યાન આપવાનું સુચવ્યું છે.

આવા સંજોગોમાં આજે જે કાંઈ કામો આ નબળા મોટા વર્ગના લાભાર્થે થઈ રહ્યાં છે તેની સંખ્યા બહુ નાની છે. આ વર્ગનો અવાજ બુલંદ કરીને સૌ સમક્ષ મુકવાનું કાર્ય સૌથી વધુ જરુરી અને તાકીદનું છે. આવાં કામોમાં દૈનીકો–સામયીકો ઘણાં મોટાં અને હકારાત્મક પરીણામો લાવી શકે છે.

આવા જ મહત્ત્વના હેતુસર ગુજરાતનું એક સામયીક (પાક્ષીક) યથાશક્તી કાર્ય કરી રહ્યું છે, જેનું નામ છે, "નયા માર્ગ". આ સામયીકે આજ દીન સુધી વંચીતોને માટે જે કર્યું છે તેવું બહુ ઓછાં સામયીકો કરી શકે. સ્વ. ઝીણાભાઈ દરજીના પ્રબળ પુરુશાર્થે કરીને જે કેટલીક સામાજીક પ્રવૃત્તીઓ ગુજરાતમાં આરંભાઈ, તેમાં 'ગુજરાત ખેતવીકાસ પરીશદ' સંસ્થાનું નામ બહુ ગણનાપાત્ર છે. આ સંસ્થાએ વંચીતો અને દલીતો માટે જે પાયાનું અને નક્કર કાર્ય કર્યું છે તેને વાચા આપવા માટે 'નયા માર્ગ' નામથી આરંભાયેલા આ સામયીકે જબરો પ્રયત્ન કર્યો છે. સમાજસેવા માટે પોતાની બેન્કની ઉજ્જવળ કારરીર્દીને ઠુકરાવીને આ મહત્ત્વના કાર્યમાં જંપલાવનાર ઈન્દુકુમાર જાની★★ આ પાક્ષીકના વર્તમાન તંત્રી છે. વર્શોથી આ સામયીકના પ્રકાશન દ્વારા તેમણે સમાજના કચડાયેલા આ મોટા અબોલ વર્ગની વાતને વાચા આપી છે. સામાજીક સંતુલન વીનાની કોઈ સેવાને સમાજસવા કહી શકાય નહીં. 'નયા માર્ગ' પોતાની આ વાત ડંકાની ચોટ પર કહે છે.

'નયા માર્ગ'ની એક બીજી પણ વીશેશતા તરફ ધ્યાન ખેંચવાનું મન થાય છે. કોઈપણ સામયીક પોતાની વાત સમાજના વીશાળ વર્ગ સમક્ષ રજુ કરવા માટે ભાશાના માધ્યમને અવગણી શકે નહીં. 'નયા માર્ગ' એ અર્થમાં ગુજરાતીનાં સામયીકોને સરળ માર્ગ બતાવે છે. આપણી ભાશાના પંડીતોએ પોતાનો કક્કો ખરો રાખવા માટે જોડણીના જે અંધાધુંધ નીયમો કરી રાખ્યા છે તેને અતીક્રમીને 'નયા માર્ગ' નવો માર્ગ ચીંધી રહ્યું છે. આ સામયીક એવી જોડણીમાં લખાય છે જે ગુજરાતીમાં લખનારા – વાંચનારાને અનુકુળ હોય અને સૌને હાથવગી હોય.

1999ના જાન્યુઆરીમાં ઉંઝા ખાતે પહેલી જોડણી પરીશદ ભરાઈ ત્યારે તેમાં હાજર રહેલા વીદ્વાનો, કર્મશીલો, સાહીત્યકારો, શીક્ષકો–અધ્યાપકો, તંત્રીઓએ બહુમતીથી જે અત્યંત મહત્ત્વનો નીર્ણય કર્યો, તેમાં ગુજરાતી

ભાશાની જોડણીની અરાજકતાની સામેના એક આંદોલનને અવકાશ મળ્યો છે. આપણી ભાશા આજે અઘરી, અતાર્કીક અને અરાજકતાભરી જોડણીએ, સમાજના બહુ મોટા વર્ગને ગુજરાતી લેખન-વાચનથી દુર રાખ્યો છે. તેથી ઉંઝાના એ સંમેલનમાં ઠરાવાયું કે:- "ગુજરાતીમાં 'ઇ-ઉ'ની જોડણીના વીદ્યાપીઠના કોશના નીયમો અતાર્કીક અને ઘણી અસંગતીઓથી ભરેલા છે, તેમ જ ગુજરાતી ભાશામાં 'ઇ-ઉ'નું હ્રસ્વત્વ-દીર્ઘત્વ અર્થભેદક ન હોઇને એ અવાસ્તવીક પણ છે. તેથી એ નીયમો હવે છોડી દેવા અને લેખનમાં સર્વત્ર એક 'ઇ' અને 'ઉ' યોજવા."

આ ઠરાવ જેવો મંજુર થયો કે તરત જ એને અનુસરવાનો દૃઢ સંકલ્પ કરનાર અને પુરી નીશ્ઠાથી અમલમાં મુકનાર તે ઇન્દુકુમાર જાની ! 'નયા માર્ગ'નો અંક પ્રેસમાં તૈયાર થઇને પડયો હોઇ સંમેલન પછીના તરતના બીજા જ અંકથી એમણે આ નવી 'ઉંઝા જોડણી'માં અંકો છાપવાનું શરુ કરી દીધું જે અવીરતપણે આજે પણ ચાલી રહ્યું છે. ઇન્દુકુમારે તો સંમેલનનીય પહેલાંથી આ અંગેનો નીર્ણય મનોમન કરી જ લીધો હતો, બલકે એમણે તો એકવાર હળવાશથી એમ પણ કહ્યું હતું કે, આ આંદોલનના પ્રણેતાઓ પણ જો આમાંથી ડગે તોય 'નયા માર્ગ' તો આ ઠરાવને જ વળગી રહેશે આજે ઇન્દુભાઇના સંચાલનથી કાર્યરત 'ગુજરાત ભાશાપરીશદ'ની કામગીરી ચાલી રહી છે. એટલું જ નહીં, આ પરીશદની કામગીરીના પ્રસાર-પ્રચારના સમાચાર તેમ જ ભાશા વીશયક કેટલાક મુદ્દાઓ ચર્ચવાના હેતુસર વીદ્વજ્જનોના લેખો સમાવતી, દર બે મહીને એક વધારાની આઠ પાનાંની 'ભાશાવીચાર પુર્તી' (સંપાદક : મનીશ જાની અને કીરણ ત્રીવેદી) પણ 'નયા માર્ગ'માં એમના સૌજન્યથી નીયમીત પ્રકાશીત થાય છે.

'નયા માર્ગ' હંમેશ સૌને માર્ગ બતાવી રહ્યું છે ત્યારે વંચીતો માટેના તેના આ પાયાના અને અતી મહત્વના કાર્યનું વધુ ને વધુ પ્રસારણ થાય અને વંચીતો માટેનો અવાજ વીશ્વસમસ્તના વીશાળ વર્ગને સંભળાય તે પણ એટલું જ તાકીદનું છે.

આના જ અનુસંધાને સૌ કોઇ એવું ઇચ્છતા હતા કે 'નયા માર્ગ' ઇન્ટરનેટ ઉપર પણ ઉપલબ્ધ થાય. આ સમગ્ર યોજનાનો અર્થાત્ 'વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોશણવીહીન સમાજરચના' માટે જેની પ્રતીબદ્ધતા છે તેવા 'નયા માર્ગ'ને વેબસાઇટનું સ્વરુપ આપવાનો ઉત્તમ વીચાર, 'સન્ડે ઇ-મહેફીલ'ના સંપાદકો પૈકીના સુરતના નીવૃત ભાશાશીક્ષક ઉત્તમ ગજ્જરને આવ્યો, જેઓ 'ઉંઝા જોડણી'ના મીશનરી ધગશવાળા સમર્થક અને પ્રચારક છે. આ વીચાર તથા યોજનાને ટેકનીકલ સ્વરુપ આપવાના 'ધર્મકાર્ય'માં, મુળ સુરતના અને હાલ ચેન્નાઇસ્થીત સોફ્ટવેર કંપનીમાં કાર્યરત એવા નવયુવાન મીત્ર ભાઇ હીમાંશુ મીસ્ત્રીનો બહુમુલ્ય સાથ-સહકાર સાંપડયો છે.

વેબસાઇટની સામગ્રીના સંપાદનની અને અંકોને અપલોડ કરવાની જવાબદારી સુનીલ શાહ સંભાળવાના છે. આ વેબસાઇટ છે : http://nayaamaarg.googlepages.com/

આમ ગુજરાતમાં, ભારત વર્શમાં અને દુરસુદુર દેશાવરમાં પણ વસતા લાખો ગુજરાતી પરીવારોમાં હવે ગુજરાતની આ વીચારધારા અને પ્રવૃત્તી વીશેની જાણકારી પહોંચશે. આપ સૌ તે વાંચો, વીચારો, ચર્ચો અને એક માનવતાવાદી પુરુશાર્થ તરીકે યથાશક્તીમતી વંચીતો માટેના આ અવાજને બુલંદ બનાવવા સારુ સમર્થન બક્શો, બસ એ જ અમારો આનંદ.

'નયા માર્ગ'ના આ નવા માર્ગને હું અંતરના ઉમળકાથી વધાવું છું.

- ડૉ. યોગેન્દ્ર વ્યાસ - પુર્વ ડીરેક્ટર, ભાશા-સાહીત્યભવન, ગુજરાત યુનીવર્સીટી, અમદાવાદ
સંપર્ક: ૩૪૭ - સરસ્વતી નગર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ફોન: (૦૭૯) ૨૬૭૫ ૨૬૭૫

★★ ઇન્દુકુમાર જાની, તંત્રી: "નયા માર્ગ" પાક્ષીક અને કાર્યકારી પ્રમુખ: "ખેતવીકાસ પરીશદ" ખેતભવન, ગાંધી આશ્રમની બાજુમાં, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૨૭ ફોન:કાર્યાલય-૦૭૯ ૨૭૫૫૭૭૭૨ ઘર:૨૬૩૦૩૪૧૫

For your Comments and Opnion please write to : Sunil Shah : vivekpanthi@gamil.com

ચાલતા ચંત્રે

તા. ૨૬મીની રાત્રે એટલાન્ટા - અમેરીકાથી બીપીન શ્રોફ ટેલીફોન ઉપર જણાવે છે કે આ વેબસાઇટ ઉપર 'વૈશ્વીક માનવવાદ' ના અંકો પણ મુકાવાના છે, જે માટેની વ્યવસ્થા ગોઠવાઇ ગઇ છે. હાલ તરત કોડ "વીવેકપંથી" નો જ રહેશે.

બીપીન શ્રોફની ગેરહાજરીમાં 'વૈશ્વીક માનવવાદ' નું પ્રકાશન ઉર્વીશ કોઠારી સંભાળવાના છે એ પણ વાચકોએ હરખાવા જેવી ઘટના છે.

રેશનાલીઝમ સામેનો આંતરીક અવરોધ

– એન. વી. ચાવડા

રેશનાલીઝમને અવરોધનારું મુખ્ય પરીબળ સ્થાપીત હીતોનું છે. આ પરીબળ ખાસ્સું પ્રબળ છે અને પ્રત્યક્ષ પણ છે, તેથી તેનાથી રેશનાલીસ્ટો વાકેફ અને સાવધ પણ છે. પરંતુ રેશનાલીઝમને અવરોધનારાં કેટલાંક આંતરીક પરીબળો છે જે અપ્રત્યક્ષ જેવાં હોઈ રેશનાલીસ્ટો તેનાથી અજાણ અને અસાવધ હોય એવું જણાય છે. આવા પરીબળોમાં મુખ્ય છે, રેશનાલીઝમમાં ઈશ્વરવાદીઓની ઘુસપેઠ.

છેલ્લાં બે–ચાર વર્શોથી રેશનાલીઝમમાં કેટલાંક ઈશ્વરવાદીઓ ઘુસી ગયાં છે, જેઓ પોતાને રેશનાલીસ્ટ તરીકે ખપાવે છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે કેટલાંક રેશનાલીસ્ટોએ એમને આસ્તીક રેશનાલીસ્ટ તરીકે સ્વીકારી પણ લીધાં છે. અને એમના અતાર્કીક, દ્વીધાયુક્ત, અસ્પશ્ટ અને દુધ–દહીં બન્નેમાં પગ રાખનારા વીચારોને રેશનાલીઝમના સામયીકોમાં વધારે પ્રમાણમાં પ્રસીધ્ધી પણ આપવા લાગ્યા છે. આનાથી રેશનાલીઝમની વીચારધારા, અદ્રઢ, નીર્બળ અને સત્યથી દુર જઈ રહી હોય તેમજ રેશનાલીસ્ટોના બે ભાગલા પડી ગયા હોય તેમ લાગી રહ્યું છે. અર્થાત આસ્તીક રેશનાલીસ્ટ અને નાસ્તીક રેશનાલીસ્ટ એવા બે જુથમાં રેશનાલીસ્ટો વહેંચાઈ ગયા છે.

વાસ્તવીકતા એ છે કે ઈશ્વરના અસ્તીત્વને સ્વીકારનાર આસ્તીકને રેશનાલીસ્ટ કહેવાય જ નહીં. ઈશ્વરના અસ્તીત્વનો સ્વીકાર એ અંધશ્રધ્ધા જ છે. વળી એ સૌથી મોટી અને બીજી બધી જ અંધશ્રદ્ધાઓને ટકાવી રાખનાર અંધશ્રદ્ધા છે. આવી અંધશ્રદ્ધાને શ્રધ્ધામાં ખપાવી એક રેશનાલીસ્ટ વ્યક્તી પોતાની અને અન્યની છેતરપીંડી હરગીઝ કરી શકે નહીં. જેના અસ્તીત્વનો કોઈ પુરાવો જ ન હોય તેના અસ્તીત્વનો સ્વીકાર કરવો એ શું વીવેકબુધ્ધીમાન (રેશનાલીસ્ટ)નું લક્ષણ છે ? અલબત્ત, ઈશ્વરને માનવાનો અને ન માનવાનો દરેકને અધીકાર છે, પરંતુ ઈશ્વરને માનનાર વ્યક્તી રેશનાલીઝમનો ઝંડો હાથમાં લઈ શકે નહીં. કારણ કે ઈશ્વરને શ્રધ્ધાનો વીશય માનનાર વ્યક્તી ભુત–પ્રેત, સ્વર્ગ–નરક, યજ્ઞ–હોમ–હવન, પશુબલી, માનવબલી, જ્યોતીશ, વાસ્તુશાસ્ત્ર, દોરાં–ધાગાં–માદળીયાં, મુર્તીપુજા, અવતાર, ચમત્કાર આદીને શ્રદ્ધાનો વીશય માનનારા લોકોનો વીરોધ કઈ રીતે કરી શકે ? આ કહેવાતા રેશનાલીસ્ટો પોતાની ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા અને અન્યની ભુત–પ્રેત પ્રત્યેની શ્રધ્ધાનો ભેદ કેવી રીતે સમજાવી શકશે ?

શું રેશનાલીસ્ટો ઈશ્વરનો ઈન્કાર બંધ કરી, તેનો સ્વીકાર કરી લેશે ?

એક કહેવાતા આસ્તીક રેશનાલીસ્ટ લખે છે કે, 'રેશનાલીઝમના વીકાસમાં અવરોધ ઉભા કરનારાઓને એવોર્ડ આપવામાં આવે તો બધા જ એવોર્ડ નાસ્તીકો જીતી જાય.' પ્રાચીન કાળથી ધર્મગુરુઓ રેશનાલીસ્ટોને ઉતારી પાડવા તેમને માટે નાસ્તીક શબ્દનો પ્રયોગ કરતા રહ્યા છે. વીજ્ઞાનયુગના પ્રારંભમાં ધર્મગુરુઓએ વૈજ્ઞાનીક વીચારો અને શોધખોળોનો તીવ્ર વીરોધ કરી વૈજ્ઞાનીકોને રીબાવ્યા અને મારી પણ નાખ્યા હતા. આજે એમના હાથ હેઠા પડયા છે, ત્યારે તેઓ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક સીધ્ધીઓને સ્વીકારી સુખ–ચેનમાં આળોટી રહ્યા છે. પરંતુ હજી નાસ્તીકતાનો તેમણે સ્વીકાર કર્યો નથી. વાસ્તવમાં નાસ્તીકતા પણ એક વૈજ્ઞાનીક સીધ્ધી છે. કારણ કે કેમ ? અને શા માટે ? એવા સંશયાત્મક પ્રશ્નો દ્વારા જ નાસ્તીકતાની પ્રાપ્તી થાય છે. ભવીશ્યમાં અન્ય વૈજ્ઞાનીક સીધ્ધીઓની જેમ જ નાસ્તીકતાને પણ એક વૈજ્ઞાનીક સીધ્ધી ગણી ધર્મગુરુઓએ તેનો સ્વીકાર કરવો પડશે.

ઉપરોક્ત વીધાન દ્વારા આ કહેવાતા રેશનાલીસ્ટે પણ ધર્મગુરુ જેવી કુચેશ્ઠા કરીને રેશનાલીસ્ટોને નાસ્તીકતાની ગાળ દેવાની કોશીશ કરી છે, જેમાં રેશનાલીસ્ટોનું અપમાન છે. કારણ કે બધા જ રેશનાલીસ્ટો નાસ્તીક હોય છે. આ આસ્તીક રેશનાલીસ્ટે કરેલા વીધાનનું એક દુશ્પરીણામ એ આવ્યું છે કે રેશનાલીસ્ટો રેશનાલીઝમની નીશ્ફળતાના સાચા કારણોની શોધથી દુર રહી જાય છે અને પોતાની નાસ્તીકતાને રેશનાલીઝમની નીશ્ફળતાનું એકમાત્ર કારણ માનવા લાગે છે અને વાસ્તવમાં બન્યું છે પણ એવું જ. કેટલાક રેશનાલીસ્ટો રેશનાલીઝમનો પ્રચાર કરતા રેશનાલીસ્ટોને ઈશ્વરનો ઈન્કાર કરતા લખાણો ન લખવાની સુચના કરવા સુધીની ધૃશ્ટતા કરી છે, ત્યારે પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે શું રેશનાલીસ્ટો ઈશ્વરનો ઈન્કાર કરવાનું બંધ કરી, ઈશ્વરનો સ્વીકાર કરી લેશે? અને તો સમાજ તરત જ અંધશ્રધ્ધાઓનો ત્યાગ કરી રેશનાલીઝમ તરફ વળી જશે ?

કહેવાતા રેશનાલીસ્ટનું ઉપરોક્ત વીધાન દર્શાવે છે કે જે માણસ તર્ક કરવાનું બંધ કરી શ્રધ્ધાને રવાડે ચડી જાય છે તે કેવો ઝનુની બનીને ફાવે તેવો બકવાસ કરી શકે છે. આ કહેવાતા રેશનાલીસ્ટ બીજી જગ્યાએ લખે છે કે, 'આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે તે એઈડ્ઝ ડાયાબીટીશ, થાયરોડ કે કેન્સર જેવા અસાધ્ય રોગોમાંથી પણ માણસને મુક્તી આપે' આ કહેવાતા રેશનાલીસ્ટ ભાઈ એટલું સમજતા નથી કે ઈશ્વરને પ્રાર્થના કરવાથી રોગો સારા થઈ જતા હોત તો જગતમાં એક પણ રોગ હોત નહીં.

આ કહેવાતા રેશનાલીસ્ટ ભાઈને આપણે પ્રશ્ન પુછીએ કે તમારો ઈશ્વર દયાળુ અને સર્વજ્ઞ છે, તો એને પ્રાર્થના કરવાની જરુર શી ? દયાળુ તો વગર પ્રાર્થનાએ દીન-દુ:ખીઓની સેવા કરવા દોડી જાય. તો પછી જગતનો પીતા કહેવાતો ઈશ્વર વગર પ્રાર્થનાએ કેમ દુ:ખમુક્ત કરતો નથી ? શું એ સર્વજ્ઞ અને સર્વશક્તીમાન નથી ?

ઈશ્વરવાદીઓ માને છે કે ઈશ્વરની ઈચ્છા વીના પાંદડું પણ હાલી શક્તું નથી, ત્યારે એમને પ્રશ્ન કરવો જોઈએ કે એમનો ઈશ્વર એમને રેશનાલીઝમમાં સફળતા કેમ અપાવતો નથી ? વળી આ કહેવાતા રેશનાલીસ્ટ ભાઈનું કહેવું છે કે નાસ્તીકોને કારણે રેશનાલીઝમ નીશ્ફળ જઈ રહ્યું છે. ત્યારે પ્રશ્ન થાય છે કે એ ભાઈને રેશનાલીઝમમાં પ્રવેશવાની પ્રેરણા આપનાર ઈશ્વર કરતાં શું નાસ્તીકો વધારે બળવાન છે ?

નાસ્તીકો તો ઈશ્વરને માનતા ન હોય તેથી જુઠું બોલતાં કે ખોટાં કાર્યો કરતાં એમને ઈશ્વરનો ડર ન લાગે, પણ ઈશ્વરને સર્વવ્યાપી અને સર્વજ્ઞ માનનારા આસ્તીકો જ્યારે બેધડક જુઠું બોલે અને ખરાબ કાર્યો કરે ત્યારે આશ્ચર્યનો પાર રહેતો નથી.

ઈશ્વરમાં પરમ શ્રધ્ધા સાથે ભાવ-વીભોર થઈને ભજન-કીર્તન કરનાર ગાયક અનુપ જલોટા જ્યારે ટીવી ઉપર ધર્મગ્રંથ અને ઈશ્વરને નામે એકમુખી અને પંચમુખી રુદ્રાક્ષની દીવ્ય શક્તી વીશે જુઠાણાં ચલાવે છે, તેનાથી સ્તબ્ધ થઈ જવાય છે અને ભારતીય સમાજનું ભાવી ભયાનક અંધકારમય ભાસે છે. ક્યારેક કેટલાક આસ્તીકો સ્થાપીત હીતોના હથીયાર બની કેટલી હદ સુધી નીમ્ન સ્તરે જઈ શકે છે, તે અનુપ જલોટા જેવા કલાકારો દ્વારા આપણે જોઈ શકીએ છીએ.

ઈશ્વરવાદીઓ કહે છે કે ઈશ્વર આશ્વાસનનો વીશય છે. આસ્થાને સહારે દુ:ખ-દર્દો અને સંકટોમાં ટકી શકાય છે. હકીકતે દુ:ખ-દર્દો અને સંકટોમાં ટકી રહેવા માટે દ્રઢ મનોબળની જરૂર પડે છે. અને એવા દ્રઢ મનોબળ માટે પ્રાણી અને પ્રકૃતીનું સામાન્ય જ્ઞાન હોવું જરુરી છે. ઈશ્વરનું નામ લેવાથી નહી, પણ જ્ઞાન-પ્રાપ્તીથી જ દુ:ખો દુર થઈ શકે છે યા સહી શકાય છે.

મૃત પુત્રના વીયોગને કારણે વીલાપ કરતી કીસાગૌતમીને બુદ્ધે પ્રાણી અને પ્રકૃતીના જ્ઞાન દ્વારા જ અનુપમ શાંતી પ્રાપ્ત કરાવી હતી. એવી જ રીતે ડાકુ અંગુલીમાલને પણ પોતાના શરીર ઉપર મોટો રાફડો બંધાઈ જાય ત્યાં સુધી ઈશ્વરના નામનું સ્મરણ કરાવવાને બદલે પ્રાણી અને પ્રકૃતીનું સાચું જ્ઞાન આપીને બુધ્ધે સંત-ભીક્ષુ બનાવ્યો હતો. પ્રાકૃતીક સત્ય તો એ છે કે પ્રાણીઓની જીજીવીશા જ જગતમાં તેને જીવવાનું બળ પ્રદાન કરે છે. પશુ-પક્ષીઓ ઈશ્વરને પ્રાર્થના કર્યા સીવાય જ - ફક્ત જીજીવીશાને બળે જ સંકટોનો સામનો કરતા રહે છે. ઈશ્વરને પ્રાર્થના કરવી તે તો પશુ-પક્ષીઓ કરતાંયે વધુ કાયર અવસ્થા છે.

કોઈ વ્યક્તીગત રીતે ઈશ્વરને માને કે તેની પુજા-વંદના કરે તેનો વાંધો નથી. પરંતુ સમાજને ઈશ્વરમાં ફસાવવાનું કૃત્ય કલ્યાણકારી હરગીઝ નથી. તેનાથી સમાજ ઈશ્વરને નામે સ્વાર્થ સાધનારા સત્તાધીશો અને ધર્મના ધંધાદારીઓનો શીકાર બને છે.

ગૌતમ બુધ્ધની વૈજ્ઞાનીક અને માનવવાદી વીચારધારાનો ધ્વંસ કરવા માટે કેટલાક ઈશ્વરવાદીઓએ તેમાં ઘુસી જઈને બૌધ્ધધર્મને વીકૃત કરી નાખ્યો હતો. મને શંકા જાય છે કે કહેવાતા રેશનાલીસ્ટો પણ રેશનાલીઝમમાં ઈશ્વરને ઘુસાડી તેને નીર્બળ કરી નશ્ટપ્રાય: તો કરી નાખવા નથી માગતા ને ? રેશનાલીસ્ટોએ ઈશ્વરવાદી રેશનાલીસ્ટોથી સાવધ રહેવાની જરુછે. રેશનાલીઝમના સામયીકો ઈશ્વરવાદીઓના લખાણો ભલે છાપે. એ જરુરી પણ છે. પરંતુ એના પ્રત્યુત્તર રુપે રેશનાલીસ્ટોના જે પ્રતીભાવો આવે તે પણ અવશ્ય છાપે જ. અત્યારે બહુધા એવું જોવામાં આવી રહ્યું છે કે ઈશ્વરવાદીઓના લખાણોના પ્રત્યુત્તરરુપે મોકલવામાં આવતા લખાણોને બહુ જુજ સ્થાન મળે છે. આ સ્થીતી ભયાનક છે. એનાથી સમાજમાં એવી હવા ફેલાય કે નાસ્તીકો ખોટા છે અને ઈશ્વરવાદીઓ સાચા છે. આ સ્થીતીમાં રેશનાલીઝમની પ્રવૃત્તીને અક્ષમ્ય નુકશાન થવાનો સંભવ છે.

"હીન્દી સીનેમામાં અંધશ્રધ્ધા" એ વીશ્ય પર વીવેકપંથી માટે કંઈને કંઈ મોકલતા રહેવાની વીનંતી યાસીન દલાલ લાંબા સમય બાદ સ્વીકારે છે તેના હરખ સાથે તેમને હૃદયપુર્વક આવકારીએ છીએ.
– તંત્રી

સીનેમામાં અંધશ્રધ્ધા

– યાસીન દલાલ

આપણી ફીલ્મનો પાયો જ ધર્મના આધારે નંખાયો છે. આપણી પ્રથમ મુંગી ફીલ્મ હતી, 'રાજા હરીશ્ચંદ્ર' (૧૯૧૩) અને પ્રથમ બોલતી ફીલ્મ હતી, 'આલમઆરા' (૧૯૩૧). બને ફીલ્મો ધાર્મીક હતી. એક હીંદુ ધર્મ પર આધારીત હતી અને બીજી મુસ્લીમ ધર્મ ઉપર. આપણી અત્યાર સુધીની સૌથી હીટ ફીલ્મોમાં 'કીસ્મત', 'મધર ઈન્ડીયા' અને 'શોલે' ઉપરાંત 'જય સંતોશીમાં' પણ આવે. આ ફીલ્મ ચાલીસ પચાસ હજારમાં બની અને ચાલીસ પચાસ કરોડનો વકરો કરાવતી ગઈ. ફીલ્મના ગીત લેખક પ્રદીપજીએ મને કહ્યું હતું કે આ ફીલ્મના નીર્માતાઓ પાસે તેમને આપવા માટે પૈસા હતા જ નહીં. પણ ફીલ્મ સુપરહીટ ગઈ એટલે તેમના બંગલામાં એમણે એરકન્ડીશનર ફીટ કરાવી આપ્યું. આ ફીલ્મ જોતી વખતે સંખ્યાબંધ સ્ત્રીઓ થીયેટરમાં જ ધુણવા માંડતી. સંતોશીમાં નામની નવી દેવી શોધાઈ.

ભારતીય સીનેમામાં અંધશ્રધ્ધા, વહેમો અને ચમત્કારોનું વર્ચસ્વ આજે વીસમી સદીમાં પણ ચાલુ છે, બલ્કે દીવસે દીવસે વધતું જાય છે. હદ તો એ થઈ કે ઓસ્કાર માટે મોકલાયેલ અમોલ પાલેકરની ફીલ્મ 'પહેલી'માં પણ ચમત્કારની વાત હતી. પસંદગી સમીતીને ખ્યાલ ન રહ્યો કે આવા જરીપુરાણા ખ્યાલોને ઓસ્કારમાં સ્થાન નથી. પરીણામે ઓસ્કારમાં એને નોમીનેશન મળ્યું. અમોલ પાલેકર જેવા આધુનીક નીર્માતા નીર્દેશકને પણ આટલો ખ્યાલ કેમ ન રહ્યો ?

આની સામે ગુલઝારની વાત કરીએ તો ફીલ્મ 'મીરા'માં એમણે કુશળતાથી ચમત્કારોને કાઢી નાંખ્યા હતા. મીરાંબાઈના જીવનમાં સંખ્યાબંધ ચમત્કારો થયા હતા એવી લોકવાયકા છે. જો કોઈ ગુજરાતી નીર્માતા હોત તો તેમાં બે ચાર ચમત્કારો ઉમેરી દેત. પણ ગુલઝારે એમ ન કર્યું અને રેશનાલીઝમની આબરુ બચી ગઈ.

મોટા ભાગની દરેક હીંદી ફીલ્મમાં ભગવાનનું મંદીર હોય જ છે. ઘરના એક ખુણામાં કોઈ દેવી–દેવતાની મુર્તી મુકી હોય અને મોટેભાગે હીરોઈન દેવતા પાસે ફીલ્મમાં એકવાર તો પ્રાર્થના કરે છે. આંખોમાં આંસુ સાથે એ બોલે, "ભગવાન, આજ માંગતી હું." આ સંવાદ હીંદી ફીલ્મોમાં એક લાખ ને એક વખત બોલાયો છે અને હજી પણ એની પુનરુક્તી ચાલુ જ છે. કેટલીકવાર આ ભાવના ગીત રુપે પણ આવતી હોય છે. 'પ્રભુ તેરો નામ' જેવા ભજનો હીંદી ફીલ્મોમાં અવારનવાર સાંભળવા મળે છે.

મહેબુબુની ફીલ્મ 'અમર'માં એક ગીત હતું. 'ઈન્સાફ કા મંદીર હૈ યે, ભગવાન કા ઘર હૈ' આ ગીત ફીલ્મમાં વારંવાર આવે છે. ખુબી એ છે કે ગાનાર મહમદ રફી, ગીતની ધુન બનાવનાર નૌશાદ, ગીત લખનાર શકીલ બદાયુની, પડાદા ઉપર અભીનય કરનાર દીલીપ અને મધુબાલા તથા નીર્દેશક મહેબુબ સહીત બધા મુસ્લીમો છે. આમ હીંદી ફીલ્મમાં ભગવાનની પુજા અને અંધશ્રધ્ધા પણ બીનસાંપ્રદાયીક છે. દીલીપકુમાર પહેલીવાર ફીલ્મમાં આવ્યો ત્યારે તેણે ફીલ્મના સેટ ઉપર ભગવાનની પુજા કરવાની ના પાડી હતી. દીલીપકુમાર મુળ પઠાણ છે. નીર્માતા નીર્દેશકે એને સમજાવ્યો કે આ તારે અભીનય કરવાનો છે. સાચા જીવનમાં આ રીયાલીટી શો નથી. પરીણામે એ માની ગયો. પછી તો દીલીપકુમાર સાથે ધોતીયું અને ઝભ્ભો જોડાઈ ગયા. ફીલ્મ 'દેવદાસ' જોયા પછી લાગે કે આ ભુમીકા દીલીપકુમાર સીવાય કોઈ કરી જ શકે નહીં. પણ ફીલ્મ 'બૈરાગ'માં દીલીપકુમારે પણ ચમત્કારનો આશરો લીધો. એમાં એની બેવડી ભુમીકા છે. એક દીલીપ અંધ છે. એક દ્રશ્યમાં ભગવાનનું એ ભજન ગાય છે. ગીત પુરું થાય એટલે તરત જ ક્યાંકથી નાગદેવતા પ્રગટ થાય છે અને એની આંખમાં બે ટીપાં ઝેર નાંખે છે. દીલીપને ઝેર ચડતું નથી, પણ એ દેખતો થઈ જાય છે. ફીલ્મના નીર્દેશક આસીત સેન હતા. પણ પડદા પાછળથી નીર્દેશન દીલીપે જ કર્યું હતું. એટલે ચમત્કારનો અપયશ એને જ ફાળે જાય.

દેવદાસ જોયા પછી લાગે કે આ ભુમીકા દીલીપકુમાર સીવાય કોઈ કરી શકે નહી.

હમણા ટી.વી. ઉપર અમીતાભનું 'ગંગા,જમના સરસ્વતી' જોયું. એના એક દ્રશ્યમાં એક સ્ત્રી પાત્ર ઉપર બળાત્કાર થાય છે. પણ વીલન બળાત્કાર કરે એ પહેલાં અચાનક

ક્યાંકથી સાપ આવીને એને કરડે છે. પણ અગાઉની જેમ સાપ કરડવાથી પાત્ર મરતો નથી. પણ આંધળો થઈ જાય છે. 'બૈરાગ'માં સાપે આંધળાને દેખતો કર્યો અને અહીં સાપે દેખતાને આંધળો કર્યો. આ ફીલ્મમાં જ અમીતાભ એક સાપને દુધ પાય છે. સાચી વાત એ છે કે સાપ કદી દુધ પીતો જ નથી.

'નાગીન' નામથી અનેક ફીલ્મો આવી ગઈ. અમરીશ પુરીની ભુમીકાવાળી 'નાગીન' ચમત્કારોથી ભરપુર છે. પણ ફીલ્મીસ્તાનની નાગીન પણ કંઈ કમ નહોતી. એમાં પરાકાશ્ટાના દ્રશ્યમાં વૈજયંતી માલાને સાપ કરડે છે અને એ બેહોશ થઈ જાય છે. ત્રણ ચાર ગીતો આવે છે પછી પ્રદીપકુમાર બીન વગાડીને એ જ સાપને પાછો બોલાવે છે. એ સાપ વૈજયંતી માલાના પગ ઉપર ફેણ રાખીને બધું ઝેર ચુસી લે છે અને અચાનક નાયીકા ઉભી થઈ જાય છે. પણ જુનું નાગીન આદીવાસીઓનું હતું, એટલે એટલા પુરતું એ સહ્ય ગણાય. પણ નવું નાગીન તો અત્યંત વાંધાજનક ગણાય.

બી.આર. ચોપડા જેવા નીર્માતાએ પણ 'કર્મ' નામની એક ફીલ્મ બનાવી હતી, જે જ્યોતીશ ઉપર આધારીત છે. ફીલ્મનો ધ્વની એવો છે કે જ્યોતીશ સાચું છે. વાસ્તવમાં જ્યોતીશ જેવી કોઈ વસ્તુ અસ્તીત્વમાં જ નથી. આ જ નીર્માતાએ ફીલ્મ 'વકત' બનાવી હતી, જેનો નાયક શરુઆતમાં પોતાની સમૃધ્ધી અંગે બણગા ફુંકે છે. એ જ મીનીટે ધરતીકંપ થાય છે અને એમાં ઘરના બધા સભ્યો છુટા પડી જાય છે. 'વકત'નો અર્થ ફીલ્મમાં નસીબ થાય છે. ચોપરા જેવા નીર્માતા પ્રારબ્ધનો પ્રચાર કરે અને એને માટે તદ્દન અવાસ્તવીક ઘટનાઓ જોડી કાઢે ત્યારે શું કહેવું ?

વચ્ચે શ્રીરામ લાગુ અભીનીત એક ફીલ્મ (નામ યાદ આવતું નથી) ચમત્કાર અને જ્યોતીશ વીરોધી પણ બની હતી. ફીલ્મમાં નાયીકા અને એના પીતા વચ્ચે વારંવાર આ અંગે વાદવીવાદ થાય છે. શ્રીરામ લાગુ સમજાવે છે કે ચમત્કાર કે ભવીશ્યકથન જેવું કાંઈ નથી. જે થાય તે બધું જોગાનુજોગ થાય છે.`પણ આ શ્રીરામ લાગુ 'ગહેરાઈ' નામની એક ફીલ્મમાં કે જેમાં ચમત્કારો કેન્દ્રમાં છે તેમાં ભુમીકા કરે છે. ફીલ્મી નાયીકા પદ્મીની કોલ્હાપુરે છે.

સુરતમાં રેશનાલીસ્ટોનું અધીવેશન મળ્યું હતું ત્યારે એનું ઉદ્ઘાટન લાગુસાહેબે જ કર્યું હતું અને ત્યારે વાતચીત દરમ્યાન મેં એમને પુછયું હતું કે તમે પાકા રેશનાલીસ્ટ છો છતાં આવી ફીલ્મમાં કામ કેમ કર્યું ? એમણે તદ્દન વાહીયાત બચાવ કર્યો કે અમને કલાકારોને ટકવા માટે આવા સમાધાનો કરવા જ પડે. મેં એમને ત્યારે જ જવાબ આપ્યો હતો કે આ બચાવ ખોટો છે. તમે એટલા ઉંચા અને વ્યસ્ત કલાકાર છો કે આવી એકાદ ફીલ્મ ન મળે તો તમારી કારકીર્દીને કોઈ આંચ ન આવે.

ફીલ્મ 'ઉડન ખટોલા'માં નાયીકા બુઝુર્ગ બાપની દીકરી છે. બુઝુર્ગ બાપ એટલે ગામનો ધર્મગુરુ. છેલ્લે ગામમાં પ્રલય આવે છે. બુઝુર્ગ બાપ કહે છે કોઈ જીવીત વ્યક્તી પોતાનું બલીદાન આપે તો જ આ હોનારત સમે. નીમ્મી એટલે કે ધર્મગુરુની પુત્રી આ બલીદાન આપે છે અને દરીયામાં કુદે છે. તરત હોનારત સમી જાય છે. નીમ્મીના ગળાનો હાર ઉડીને દીલીપના ગળામાં આવે છે. આવો ચમત્કાર 'બૈજુ બાવરા'માં પણ થાય છે. બૈજુનું સંગીત સાંભળીને સ્વામી હરીદાસ મરણ પથારીએથી ઉઠીને ચાલવા માંડે છે. આ જ ફીલ્મના એક દ્રશ્યમાં બૈજુ ભગવાનની મુર્તીને કહે છે કે "અબ તો નીર બહાલે" રફીનો બુલંદ સ્વર સાંભળીને પત્થર પણ પીગળી જાય છે અને એની આંખમાંથી આંસુ ટપકે છે. ફીલ્મની પરાકાશ્ટામાં સંગીતકારો વચ્ચે સ્પર્ધા યોજાય છે. "આજ ગાવત મન મેરો ઝુમકે" શબ્દોથી શરુ થતું શાસ્ત્રીય ગીત જુદા જુદા કલાકારો ગાય છે. છેલ્લે બૈજુ પોતાના અવાજના જાદુથી પથ્થરને પીગળાવી દે છે.

'રાની રુપમતી'ના એક દ્રશ્યમાં સંગીતના જાદુથી બંધ ફુલ ઉઘડે છે અને અંદરથી ભમરો ઉડી જાય છે. બીજા સંગીતકાર પોતાના જાદુથી ભમરાને પાછો બોલાવે છે અને ફુલની પાંખડીઓ ફરીથી બંધ થઈ જાય છે. 'બસંત બહાર' જેવી ફીલ્મમાં પણ આવા જ ચમત્કારો ભરેલા છે.

ફીલ્મ 'સરસ્વતીચંદ્ર'માં મુળ નવલકથાનો એક પ્રસંગ મુકયો છે કે નહીં એ યાદ નથી. પણ મુળના એક પ્રસંગમાં અંધશ્રધ્ધા અને મુર્તીપુજાની ઠેકડી ઉડાડી છે. ગુણસુંદરી નીત્યક્રમ મુજબ સવારમાં પુજાપાઠ કરે છે. એક દીવસ ઉપર માનચતુર ડોસો રાહ જોતો હોય છે. ચા–નાસ્તો નહીં આવવાથી એ અકળાઈને નીચે ઉતરે છે. ગુણસુંદરી આંખો બંધ કરીને મુર્તીને પુજતી હોય છે. ડોસો ગુસ્સામાં મુર્તીને ઉંચકીને પાણીના ગોળામાં નાંખી દે છે અને કહે છે કે તું પહેલાં તારા પતીની પુજા કર. એ પછી ભગવાનની પુજા થઈ રહેશે.

(વધુ આવતા અંકે)

તંત્રીશ્રી,
કાન્તી ભટ્ટ જેવા પ્રખર અભ્યાસી લેખક પ્યોર રેશનાલીસ્ટ લેખ લખે ત્યારે વાંચીને મન ઝુમી ઉઠે. તા. ૧૫ અને ૧૮ સપ્ટેમ્બરના એમના બે લેખો "વીવેકપંથી"માં લેવા જેવા લાગતાં મોકલું છું.

– જવાહર મહેતા



ગણેશને ભજનારો નીર્ભય બન્યો છે ? જગતભરનો ધાર્મીક માનવી કેટલો અધર્મ કરે છે. ?

– કાન્તી ભટ્ટ

કાર્લ માર્ક્સ ભલે ધર્મને અફીણની જેવી લત ગણતા હોય પણ આપણને આ અફીણનો નશો ગમે છે. કારણ ભારતમાં જે રજાઓ પળાય છે તેમાં દર વર્શે ૪.૮ કરોડના કામના દીવસો ભારતના ઉદ્યોગો ગુમાવે છે, તેમ ઉદ્યોગપતી કાંતીલાલ પોદ્દારે કહેલું. જેમ જેમ ૨૧મી સદી ચાલતી જાય છે તેમ તેમ વીજ્ઞાન કે લોજીકમાં માનવાને બદલે માણસ ઈશ્વરમાં વધુ માનતો થાય છે, પણ એ ઈશ્વર હૈદરાબાદને કે શ્રદ્ધાળુઓથી ભરેલા મુંબઈને ત્રાસવાદના હુમલાથી બચાવતો નથી. મુંબઈનાં લાખ્ખો બાળકો દુધ વગર ટળવળે છે અને શીવલીંગ ઉપર લાખો લીટર દુધ શીવરાત્રીને દીવસે ઢોળી નખાય છે.

'ગોડ ઈઝ નોટ ગ્રેઈટ' નામનું ક્રીસ્ટોફર હીચન્સનું પુસ્તક ત્રણ મહીના પહેલાં પ્રગટ થયું. તેમાં ઈશ્વર કયાંય છે જ નહીં તેમ લખ્યું છે. તેની ૩ લાખ નકલો ખપી છે. તે પહેલાં રીચાર્ડ ડોકીન્સનું પુસ્તક 'ધ ગોડ ડીલ્યુઝન' (ઈશ્વર, એક ભ્રમણા) એ પુસ્તક મુંબઈમાં પણ એટલું ઝડપથી ખપી ગયું કે સ્ટ્રેન્ડ બુક સ્ટોલે બીજી ૧૦૦૦ નકલો વીદેશથી મગાવવી પડી. લોકો જેમ જેમ ઈશ્વરમાં માનતા જાય છે કે શ્રધ્ધા રાખતા જાય છે તેમ તેમ અંતે ઘણાની ઈશ્વર પરની શ્રદ્ધા ઉઠતી જાય છે. સપ્ટેમ્બર ૨૦૦૭માં પાછું નવું પુસ્તક એક પત્રકારે પ્રગટ કર્યું છે. 'ઈન ગોડ વી ડાઉટ' (ઈશ્વરમાં હવે આપણને વીશ્વાસ રહ્યો નથી.) એ પુસ્તક ધુમ ખપે છે. ગણપતી વીઘ્નહર્તા છે. આજકાલ કરોડોને ખર્ચે પુજાશે પણ દર વર્શે મુંબઈમાં વીઘ્નો નીવારી શકાતા નથી.

આમ છતાં સમાચારોની ચેનલોના કેમેરામેન અમીતાભ, અભીશેક અને ઐશ્વર્યા જે જે મંદીરમાં જાય ત્યાં ત્યાં પાછળ પાછળ ફરે છે. જેલમાંથી છુટીને નરગીસનો પુત્ર સજંય દત્ત મક્કાની હજે ન ગયો પણ વૈશ્ણોદેવીના દર્શને પગે ચાલીને ગયો. અમીતાભ પથ્થર એટલા દેવને પુજવા માંડયા છે. વીર સંઘવી અને એમ.વી. કામથ વગેરે અંગ્રેજી ભાશાના પત્રકારો સત્યસાંઈબાબાની આંગળામાંથી ભસ્મ કાઢવાની જાદુઈ ટ્રીકોની ભલે ટીકા કર્યા કરે, પણ નાની પાલખીવાલાથી માંડીને આપણા રાશ્ટ્રપતીઓ સત્યસાંઈબાબાના ભક્ત હતા. તીરુમલાના મંદીરમાં જનોઈ પહેરેલા બ્રાહ્મણો તીરુપતી ખાતે સોનીયા ગાંધીને માથે વીભુતી અને ચરણામૃત છાંટે છે.

ઠાકરે અને અમીતાભની રક્ષા ગણેશ નહી, પણ એ. કે. ૪૭ની રાયફલવાળા છ છ અંગરક્ષકો કરે છે

આપણને કૃશ્ણ, શીવ, રણછોડરાયજી, મહાલક્ષ્મીદેવી, વૈશ્ણોદેવી અને બીજી દેવીઓ પુરતી ન થઈ એટલે આપણે નવી નવી જીવતી દેવીઓ અને જીવતા ભગવાન પણ પેદા કર્યા છે. પથ્થર પુજાય છે માનવી બેકાર રહે છે.

વીજ્ઞાન ખુબ આગળ વધતું જાય છે. ઈન્ફોટેકની બોલબાલા છે. છતાં નવું કમ્પ્યુટર કે અદ્યતન મશીન બેસાડાય તો તેને ટીલાં ટપકાં કરી કે સીંદુર લગાવીને પુજા થાય છે. દર વર્શે દશેરાને દીવસે શસ્ત્રોની પુજા થાય છે. સંજય દત્ત પણ એ.કે. ૪૭ રાયફલની પુજા કરીને ઘરમાં લાવ્યો હશે. બ્રીટનના પ્રેસ્ટન શહેરમાં એક બાજુ મોરારીબાપુની રામકથા ચાલતી હતી અને બીજી બાજુ નજીકના પ્રેસ્ટનના બ્રીટીશ લડાયક વીમાનોના કારખાનામાં ભારતીય ડીફેન્સ ખાતાના ઓફીસરો લડાયક વીમાન ઉપર સીંદુરથી ત્રીશુળ ચીતરીને તે વીમાનની ડીલીવરી લેતા પહેલાં લંડનના બ્રાહ્મણોને બોલાવીને પુજા કરતા હતા !

યુ.એસ.નેશનલ સાયન્ટીફીક ફાઉન્ડેશને અંદાજ કાઢ્યો છે કે ૧૯૮૦માં જગતભરમાં જે હાઈટેકનોલોજીની ચીજો એશીયન દેશો નીકાસ કરતા હતા તેનો હીસ્સો ૭ ટકા જ હતો, પણ ૨૦૦૬માં તે હીસ્સો ૨૫ ટકા થયો છે. નોબેલ પ્રાઈઝના વીજેતા રીચાર્ડ સ્મોલીએ કહ્યું કે ૨૦૧૦ સુધીમાં જગતના તમામ વીજ્ઞાનીઓ અને ઈજનેરોની સંખ્યા તેમ જ પીએચડીની સંખ્યામાં ૯૦ ટકા એશીયામાં અને ૫૦ ટકા ભારતમાં હશે, પરંતુ એ ભારતીય વીજ્ઞાની કે ઈજનેર કે પીએચડી થયેલો વીદ્વાન

ભારતીય તીરુપતીના મંદીરમાં અમીતાભને પગલે પગલે ભગવાનની હાંડીમાં પૈસા ચઢાવવા ગયો જ હશે. ભારતના તમામ ભગવાનો, દેવીઓ અતી સમૃદ્ધ છે. તેમને માટે નવા નવા મંદીર બને છે. દરીદ્રનારાયણો માટેના આવાસો બાંધવાના કોઈ પ્લાન નથી.

સીદ્ધી વીનાયકના ગણેશમાં બધાને શ્રદ્ધા છે પણ તેમના ભક્તોમાં શીવસેનાના ચીફ બાળ ઠાકરે સહીત અમીતાભની રક્ષા ગણેશ નહીં, પણ એકે-૪૭ની રાયફલવાળા છ-છ અંગરક્ષકો કરે છે.

ધર્મને બહાને હજારો ગુના થાય છે. ધર્મને બહાને જ ઈસ્લામી ફંડામેન્ટલીસ્ટો આપણને મારે છે અને જાતે મરે છે. દાઉદ ઈબ્રાહીમ પાકીસ્તાન બેઠાં મુંબઈમાં સેંકડો ગુના કરી મક્કાની હજ પઢવા પણ જાય છે. આજેય કાલીના મંદીરમાં બંગાળમાં બકરાઓ વધેરાય છે. એ જ કોલકાતામાં વર્શો સુધી ગરીબોની સેવા કરીને રાત દીવસ ઈશુ ખ્રીસ્તને યાદ કરનારા મધર ટેરેસા કદાચ બરાબર ૨૮ વર્શ પહેલાં ઈશ્વરના કારોબારથી મોહભંગ થઈ ગયેલા. ભારતની ગરીબી જોઈને તેમણે તેમના ખ્રીસ્તી સહપાઠી પાદરી માયકલ વાન ડર પીટને લખેલું (જુઓ ટાઈમ મેગેઝીન ૩-૯-૦૭ પાનું ૨૪)'તમારે માટે ઈશુને પ્રેમ હશે અને ઈશુને પણ તમારા તરફ સ્પેશીયલ પ્રેમ હશે, પરંતુ મારે માટે આ (ઇશ્વરની) ચુપકીદી અને ખાલીપણું જબરદસ્ત છે. હું આસપાસ-ચારેતરફ નજર કરું છું પણ મને કોઈ (ઇશ્વર) દેખાતું નથી.'

આ કાગળ ૨૮ વર્શ પછી પ્રગટ થયો તે દેખાડે છે કે ક્રીસ્ટોફર હીચન્સ જેણે 'ગોડ ઈઝ નોટ ગ્રેટ' પુસ્તક લખ્યું છે તે અમુક અંશે સાચા છે. રવીન્દ્રનાથ ટાગોર પોતે શ્રદ્ધાળુ હતા પણ અંધશ્રદ્ધાળુ નહીં. તેમણે એક કવીતા લખેલી – હે ઈશ્વર ! તેં જરૂર આ ક્રુર પૃથ્વી ઉપર અવતારો કે ઉદ્ધારકોને અવારનવાર મોકલ્યા હશે, પરંતુ ઠેરઠેર ધર્મને નામે હીંસા થતી જોઉં છું. ઈશ્વરને ભજનારા અંધારામાં કેટલાય ગુના કરે છે !

૧૫-૧-૧૯૩૪ના રોજ બીહારમાં જબ્બર ભુકંપ થયો. હજારો લોકો મરી ગયા. એ સમયે ગાંધીજી દક્ષીણ ભારતની ટુરમાં હતા. અસ્પૃશ્યતા નીવારણ અને હરીજનોના ઉદ્ધાર માટેની ટુર હતી. તે ટુરનાં એક ભાશણમાં ગાંધીજીએ કહ્યું કે 'બીહારમાં જે ધરતીકંપ થયો છે તે ભારતના મનુશ્યોએ જે પાપ કર્યા છે તેના બદલારુપે છે!!'

તો શું આપણે કહી શકીએ કે આપણે ભારતના ભાગલાનું પાપ સ્વીકાર્યું તેની શીક્ષા હૈદરાબાદના નીર્દોશ લોકોએ આતંકવાદી દ્વારા ભોગવવાની છે ? રવીન્દ્રનાથ ટાગોરે તુરંત ગાંધીજીને લખ્યું કે તમે ઈશ્વરમાં માનો છો. હું પણ માનું છું પરંતુ તમે લોકોને ધરતીકંપ બાબતમાં ઉઠાં ન ભણાવો. ધરતીકંપ એ તો માત્ર એક ભૌગોલીક પ્રક્રીયા છે.

(તા.૧૫-૯-૦૭)

આપણે ઈશ્વરને ભજીએ છીએ, પણ ઈશ્વર શું કામ તમને બચાવતો નથી ? ઘણાં ખોટા કર્મો કરી આબાદ થયા છે, પણ તમને શું કામ સજા થાય છે ?

એક જુઠું વાક્ય હંમેશા મંદીરોના અધીપતીઓ અને બાપુઓ ઉચ્ચારે છે. કહે છે કે 'ભગવાનના દરબારમાં બધા સરખા છે.' આ વાત તદ્દન જુઠી છે. સીદ્ધીવીનાયકના મુંબઈના દાદર ખાતેના મંદીરમાં હંમેશાં ગણેશજી ભેદભાવને ૨૦ વર્શથી સહન કરતા આવ્યા છે. મહારાશ્ટ્રના ગવર્નાર તરીકે શંકરદયાળ શર્મા હતા (જેઓ માને છે કે સીદ્ધીવીનાયકની પુજા કરવાથી તેઓ ઉપરાશ્ટ્રપતી બની ગયેલા) તેમને પુજામાં અગ્રતા અપાતી. કેમેરા લઈને ઘણા ભક્તો પત્રકાર બની શંકરદયાળ શર્માની તસવીરને નામે ઘુસી ગયેલા. અડધા કલાક સુધી ભક્તો બે માઈલ લાંબી લાઈનમાં ઉભા રહ્યા અને ગણેશને શર્માજીએ સ્પેશીયલ અભીશેક કરાવ્યો હતો. જો કે ગવર્નરના નીવાસ રાજભવનમાં તો એક દેવીમાતાનું મંદીર છે તેમાં ગવર્નર જ જઈ શકે છે. ઉપરાંત ગર્વનરની શ્રદ્ધા પ્રમાણે ત્યાં ૪-૫ વર્શે નવા ગવર્નર સાથે દેવ અને મુર્તી બદલાઈ જાય છે. અમીતાભ માટે સીદ્ધીવીનાયકના મંદીરમાં અને ધનીક ડોકટરો માટે મહાલક્ષ્મી મંદીરમાં અગ્રતા અપાય છે. વૈશ્ણોદેવીના મંદીરમાં દર્શન માટે સંજય દત્તને ખાસ અગ્રતા અપાયેલી.

મુંબઈની સુધરાઈમાં ૨૦ વર્શ પહેલાં એક ભ્રશ્ટ સુધરાઈ ઈજનેરના હાથમાં 'મલાઈદાર ખાતું' આવ્યું અને બીલ્ડરોને ખંખેરવાનો મોકો આવ્યો એને તે સીદ્ધીવીનાયકની કૃપા માનીને દર મંગળવારે ગણેશનાં

દર્શને જાય છે. આ ભ્રશ્ટ ઓફીસર કોઈ ક્યુમાં ઉભા રહેતા નથી. મંગળવાર ૪ સપ્ટેમ્બરે જન્માશ્ટમી ગઈ ત્યારે લગભગ ૧ એકરનું જંગલ સાફ થઈ જાય તેટલાં ન્યુઝપેપર–પ્રીન્ટમાં કૃશણ માટેની મુર્તીઓ પ્રગટ થયેલી. ફીલસુફી અને લોજીકના ભક્ત–લેખકો અને કવીઓએ પણ ફરમાઈશ ઉપરથી કૃશણનાં ઉટપટાંગ લેખો લખીને વાચકોને ઉલ્લુ બનાવેલા.

મુંબઈનાં પરાંઓની ઝુંપડપટ્ટીમાં પણ જન્માશ્ટમી માટે ફંડ ઉઘરાવાય છે. સુનંદાબાઈ લીંગાયતની દીકરી એક ગરીબ જમાઈને પરણી છે. જમાઈની પાઈની આવક નથી. જન્માશ્ટમી ઉજવવા ઝુંપડપટ્ટીના મંડળને ફરજીયાત રૂા. ૨૫૧ આપવા પડેલા. સુનંદાબાઈની પુત્રી રુ. ૨૫૧ શું, રુ ૨૫ પણ આપી શકે નહીં. તેની પુત્રી માટે દુધ પણ ખરીદી શકતી નથી પણ ત્રાગું કરીને કૃશણ મંડળવાળાએ રુ. ૨૫૧ ઉઘરાવ્યા હતા અને તમે સાંભળ્યું હશે કે તીરુપતીના વેંકટેશ્વર ભગવાનને રાંધણ છઠ્ઠ, સાતમ અને ગોકુળાશ્ટમીનો ત્રણ દીવસનો જ રુ.પાંચ કરોડનો 'વકરો' થયેલો. પરચુરણ દુકાનદારો કરતાં ભગવાનનો વકરો મોટો છે. ત્રણ લાખ લોકો આઠમને દીવસે દર્શને ઉમટયા હતા. પણ દક્ષીણના ફીલ્મસ્ટારોને અગ્રતા અપાઈ હતી. દર્શનના રુ. ૫૦ રાખવામાં આવ્યા હતા.

મહારાશ્ટ્રમાં ગગનવીહારી બાપુની ચીઠ્ઠીથી સરકારી કામ થતું. મહારાશ્ટ્રના મુખ્ય પ્રધાન શીરડીના સાંઈબાબાના ભક્ત બને છે. નેપાળના પશુપતીનાથ, પંજાબના વૈશણોદેવી કે જવાલાદેવી, પારસીનો ભીખા બહેરામનો કુવો પણ શ્રદ્ધાથી પુજાવા માંડેલો.

મુંબઈમાં મર્સીડીઝ ગાડીની ખરીદી કરીને એને સાંઈબાબાની કૃપા માનીને શીરડીના સાંઈબાબાના દર્શને લઈ જવાય છે. તેમને માટે ૧૯૮૭ના ઓગસ્ટમાં એ સમયે રૂા. ૯ લાખની ચાંદીના થાંભલા ખરીદાયા હતા. મુખ્યપ્રધાન વસંતરાવ નાઈક ઉપરાંત આપણા સુશીલકુમાર શીંદે જે રાશ્ટ્રપતીના ઉમેદવાર હતા તે પણ સાંઈબાબાના ભક્ત હતા. રાશ્ટ્રપતી વી. વી. ગીરી શીરડી જાય ત્યારે બીજા ભક્તોની કમબખ્તી બોલી જાય.

સેન્ટુર હોટેલના પુર્વ મેનેજર તુલી માટે પણ સાંઈબાબાએ પ્રાયોરીટી દર્શન આપવા પડે. **આજે તમારું ક્ષેમકુશળ રાખતા ભરતના તમામ ભગવાનો, દેવીઓ અને જૈનોનાં મંદીરોના દેવતાઓ એટલા બધા સોના અને રત્નોથી મઢેલાં છે કે તેની સુરક્ષા માટે સ્પેશીયલ વ્યવસ્થા કરવી પડે છે.** મહાલક્ષ્મીના મંદીરે તો દીવાળીના દીવસે દર્શન કરવાનો મોકો લેવા અડધી રાતથી લાઈન લાગે છે. શીરડીના સાંઈબાબા માન્ચેસ્ટર કે લોસ એન્ડજલસ કે લંડનથી આવેલા એનઆરઆઈ ભક્તોને પ્રાયોરીટી દર્શન આપે છે. જાપાનમાં કે હોંગકોંગમાં ડીપાર્ટમેન્ટલ સ્ટોર રાખનારા ટોક્યોમાં શીરડીના સાંઈબાબાની તસવીરો રાખે છે. આવા વીઆઈપી ભક્તો માટે એક હેલીપેડ બનાવ્યું છે. એટલે હેલીકોપ્ટરમાં આવીને વીઆઈપી શીરડીના સાંઈના દર્શન કરીને ઘરઘરાટ કરતા ઉડી જાય છે.

તાંત્રીકી ભુતનાથબાબા મુંબઈ આવ્યા ત્યારે હું 'યુવદર્શન' નામના મેગેઝીનનો તંત્રી હતો. ભુતનાથબાબાએ મને કહ્યું કે અહીં કેટલાક ભક્તો સત્તાધીશ બનવા બીજાને ઉથલાવવા માટે મારા આશીર્વાદ લેવા આવે છે **તમારો અસીસ્ટંટ તંત્રી તમને ઉથલાવીને તંત્રી બનવા હમણાં જ મારા આશીર્વાદ લઈ ગયો છે !**

ઈન્દીરા ગાંધીને ખબર પડેલી કે તેને ઉથલાવવા ભુતનાથબાબા પાસે કોઈ તંત્રવીદ્યા અજમાવે છે, એટલે ભુતનાથબાબા પાછળ છુપી પોલીસ ફરતી હતી. તેમાં કૌતુક એ થયું કે ભુતનાથબાબા પર નજર રાખતા સીઆઈડીની પત્ની કાયમ બીમાર રહેતી હતી તે બાબાના આશીર્વાદથી સાજી થઈ ગયેલી.

પાકીસ્તાનમાં શરુમાં હીન્દુ મંદીરો ખુંચતાં હતાં. પણ પછી સુફીસંતોની દરગાહ અને શીખોના ગુરુદ્વારા કે ૩૨ હીન્દુ મંદીરો સલામત છે. ભારતના હીન્દુઓ પાકીસ્તાનના એ હીન્દુ મંદીરોમાં દર્શને આવતા હતા અને તેમાંથી પાકીસ્તાની સરકારને મોટી આવક થતી હતી એટલે હવે આ દર્શનને પાક સરકાર તરફથી પ્રોત્સાહન અપાય છે.

વાચકોને લાગે છે કે હું આવું બધું લખું છું એટલે ધર્મમાં કે ઈશ્વરમાં શું હું નથી માનતો ? ના –એવું નથી. હું જરુર માનું છું. પણ સાથે સાથે માનું છું કે પાપની સજા ઈશ્વર આપતો નથી. ખોટું કરવાથી તમે ડરતા હો તો જો ખોટું કરો તો ઈશ્વર નહીં તમે જ તમને સજા કરો છો.

ગાંધીજીએ જીવનમાં શું ખોટું કર્યું ? તેમણે પ્રાર્થનાસભામાં કે તેને મળવા આવનારા સાશ્ટાંગ દંડવત કરે કે નમી પડે તેનો સખત વીરોધ રાખ્યો હોત તો ? અને આજે પાદરીઓ ધર્માત્માઓ તમામ સીક્યુરીટી રાખે છે તેવી રાખી હોત તો ગાંધીજીનું ખુન ન થાત. **રામ બચાવતા નથી, રામ કહે છે કે સ્માર્ટ બનો.** દાઉદ ઈબ્રાહીમને શું કામ કંઈ થતું નથી? કેમ કે તે ખુબ સ્માર્ટ છે. ઈશ્વરને નવરાશ નથી કે જ્યોર્જ બુશ ઈરાકમાં કે અફઘાનીસ્તાનમાં ત્રાહીમામ પોકારાવી ૧૦ લાખને બેઘર કરે તો તેને સજા કરે. પણ જ્યોર્જ બુશ કડક સીક્યુરીટી રાખે છે. ખોટું કરો અને સ્માર્ટ બનો તો કંઈ થતું નથી, આવું પીડા સાથે મેં જોયું છે. માત્ર તમે નબળા મનના હો અને પાપથી ડરતા હો અને ખોટું કરો તો જ શીક્ષા થાય છે અને શીક્ષા તમારું ડરપોકપણું જ કરે છે.

(૧૮–૯–૨૦૦૭)

પરંપરાએ આપણને પામર બનાવ્યા

– બીપીન ગોહીલ

આપણે આજ સુધી જુનાનો જયજયકાર કરતા રહ્યા. આજે ય આપણે આધુનીકતા અપનાવી હોવા છતાં પરંપરાનો પટારો ખંભે ચઢાવીને ફરીએ છીએ જેનાં ઘણાં માંઠા પરીણામો પણ ભોગવવાં પડયાં છે.

ધર્મશાસ્ત્રોમાં સમુદ્ર ઓળંગવાની મનાઈ હતી એટલે આપણે વીદેશોમાં ન જઈ શક્યા, આપણા જ્ઞાન–વીજ્ઞાનનું આદાનપ્રદાન થઈ શક્યું નહી અને આપણો વીકાસ ખુબ રુંધાયો. આપણે ધર્મગ્રથો પર વીશેશ ધ્યાન આપ્યું અને જગતગુરુનાં સ્વપ્નો જોતા જોતા અંધકારમાં સબડતા રહ્યા, પરીણામે આપણે ત્યાં કોઈ વાસ્કોડી ગામા કે કોલંબસ તેમજ ન્યુટન કે ગેલેલીયો ન પાક્યા, ભગતડાં અને ભુવા ખુબ પાક્યાં. સમુદ્ર ઓળંગવાનો નીશેધ ન હોત તો આપણે જગતગુરુ થવાની યોગ્યતા પ્રાપ્ત કરી હોત.

જેઓ ધર્મના નીતીનીયમોની પરવા ન કરતાં શોધખોળોમાં પડયા તેઓના કારણે આપણે ત્યાં ચરક અને સુશ્રુત જેવા વૈદ્યો પાક્યાં. વરાહમીર અને આર્યભટ્ટ જેવા ખગોળશાસ્ત્રીઓ પાકયા, ગણીતમાં શુન્યની શોધ આપણે ત્યાં થઈ. એ શુન્યની ભેટ આપણે જગતને આપી.

આપણી પ્રગતી ચાલુ રહી હોત તો અવકાશ વીજ્ઞાની વીરાંગના કલ્પના ચાવલા જેવી અસંખ્ય યુવતીઓ આપણી વચ્ચે જોવા મળી હોત.

મહંમદ ગઝનવીએ સોમનાથ પર ચઢાઈ કરી ત્યારે શત્રુનો હીંમતપુર્વક સામનો કરવાને બદલે સોમનાથવાસીઓ શંકરભગવાનની પુજા કરવા બેસી ગયા, એવી આસ્થાએ કે દેવાધીદેવ જાગશે અને પોતાનું ત્રીજું નેત્ર ખોલી શત્રુને બાળી ભસ્મ કરી નાખશે. વળી જ્યોતીશોએ આગાહી કરી કે આવતી કાલે શુભ મુહુર્ત છે ત્યારે શત્રુનો સામનો કરશો તો વીજય આપણો થશે. પરીણામ શું આવ્યું ? આપણી અઢળક સંપત્તીની લુંટ થઈ. હજારો દેશવાસીઓની કત્લ થઈ અને આપણી મા–બહેનો દીકરીઓનાં અપહરણ થયાં. પ્રાર્થના અને જ્યોતીશો ઉપર વીશ્વાસ ન રાખતાં જો શત્રુનો સામનો કર્યો હોત તો પરીણામ કંઈક જુદું જ આવ્યું હોત.

સીકંદરે આપણા દેશ પર ચઢાઈ કરી ત્યારે તે ઘોડા લઈને આવ્યો હતો. આપણા મહાશુરવીર એવા પોરસે પરંપરા પ્રમાણે હાથીઓને યુદ્ધમાં ઉતાર્યા. લડાઈના મેદાનમાં હાથી કશા જ ઉપયોગમાં ન આવ્યા. તેમની કદાવર કાયાએ દગો દીધો. ઘોડાની ચપળતાએ સીકંદરને સાથ આપ્યો. પોરસની હાર થઈ એ પરંપરાની હાર હતી.

રામનાં બાણ અને ભીમની ગદાનો યુગ આથમી ગયો હોવા છતાં જ્યારે બાબરે આપણા પર ચઢાઈ કરી ત્યારે તે માત્ર ચારસો સૈનીકો લઈને આવ્યો હતો. છતાં બાબર વીજ્યી થયો. કારણ કે તે (બારુદ) દારૂગોળો લઈને આવ્યો હતો. આપણી પાસે હતાં તીર તલવાર અને ભાલા. યુદ્ધની નવી તકનીક સામે આપણી આ હાર હતી.

આપણે વારંવાર હાર્યા અને ગુલામ બન્યા તેનાં બે મોટાં કારણ જોવા મળે છે. એક તો આપણી લડવાની જુની તકનીક અને બીજું આપણી મહાઅનીશ્ટકારી વર્ણવ્યવસ્થા. આ વ્યવસ્થાએ આપણને ભારે નુકશાન કર્યું છે. છતાં આપણે તેનો ત્યાગ કરતા નથી અને મનુવાદીઓ આપણને તેમાંથી મુક્ત થવા દેતા નથી. જો આપણે જાતીવાદથી મુક્ત નહી થઈએ તો દેશ ઘણા ભાગોમાં વહેંચાઈ જવાની ભીતી છે જ.

મદારી મહાત્મા તરીકે ઓળખાતા સત્યસાઈ બાબાનાં ચરણોમાં દેશના વડાપ્રધાન આળોટે અને રાશ્ટ્રપતી કબરો પર ફુલોની ચાદરો ચઢાવતા જોવા મળે એ દ્રશ્ય જ આપણી અધોગતીના એંધાણ છે.

રુપીયા એકસો, મહીને આપી શકો કે વર્શે ?

આમ તો 'વીવેકપંથી'નું વાર્શીક લવાજમ રુ. ૧૦૦/– છે.
પણ મોટાભાગના મીત્રો એ મોકલવાની દરકાર પણ કરતા નથી.
આની સામે કેટલાક મીત્રો મહીને ૧૦૦/– ગણીને વર્શના ૧૨૦૦ મોકલી આપે છે. એ લોકો સમજદારી પુર્વક માને છે કે ઈંધણ વીના ગાડી ચાલે નહી. રુ. ૧૨૦૦ની સ્કીમ એવા લોકો માટે જ છે.
તો ત્રીજો વર્ગ એવો પણ છે કે જે ચીવટપુર્વક સ્વૈચ્છીક યોગદાનરુપે
નાની કે મોટી રકમ મોકલતો રહીને આ વીચારપત્રને ધબકતું રાખે છે.

આ ત્રણ પ્રકારમાં તમે ક્યાં ?

VIVEKPANTHI ના નામના A/c Payee ચેકથી અથવા મનીઓર્ડરથી
વીવેકપંથી, ગુલાબ ભેડા, ૨–સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે–પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઈ–૪૦૦ ૦૯૩ના સરનામે મનચાહી રકમ આજે જ મોકલી દો. કાલ પર રાખશો તો ભુલી જશો.

વીવેકપંથી ૬૯
ડીસેમ્બર ૨૦૦૭

તંત્રીની કલમે

કરોળીયાની ખંત જ કેળવવી રહી !

ગુજરાત–મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશનની કાર્યવાહક સમીતીની બેઠક ૨૪મી ફેબ્રુઆરીએ પાલનપુરમાં મળી હતી. વીચારણાનો વીશય હતો રાશ્ટ્રીય સ્તરનું અધીવેશન.

અત્યાર સુધી થતું આવ્યું છે, તે જ પ્રમાણે એ બેઠકમાં સૌ પ્રથમ નાણાકીય જોગવાઈ ઉપર ચર્ચા ચાલુ થઈ હતી. કુલ ખર્ચ કેટલો અને કેટલા, ક્યાંથી કઈ રીતે મેળવી શકાશે ?

પણ જેની આંખ હંમેશાં કંઈક વધુ આગળનું જોવા ઝંખે છે તેવા જવાહર મહેતા અકળાયા હતા. તેમણે પ્રશ્ન કર્યો હતો, “પૈસાનું તો થઈ રહેશે, પણ અંતે આપણે જવું છે ક્યાં ? મેળવવું છે શું ?”

વધુ સ્પશ્ટતા માટે આ લખનારે જવાહરી પ્રશ્ન વીસ્તારથી સમજાવ્યો હતો અને એ બેઠકની ચર્ચાને નજીવો વળાંક મળ્યો હતો, જેના પરીણામે “રેશનાલીઝમની દશા અને દીશા”ની પ્રક્રીયા ચાલુ થઈ હતી. કઈ રીતે ચાલુ થઈ તે અગાઉ કહેવાઈ ચુક્યું હોઈને અહીં પુનરાવર્તન જરુરી નથી લાગતું. માત્ર એટલું જ યાદ કરી લઈએ કે ચાર પીઢ રેશનાલીસ્ટો – જયંતી પટેલ, ધવલ મહેતા, દીનેશ શુક્લ અને કીરણ નાણાવટીએ સંગઠીત પ્રયત્નોથી પુખ્ત વીચારણા પુર્વક એક દસ્તાવેજ તૈયાર કર્યો હતો, જેમાં ગુજરાતમાં રેશનાલીઝમના ઈતીહાસ સાથે તેના વર્તમાન અને ભવીશ્યની જરુરત આબાદ ઉપસાવવામાં આવ્યાં છે. (દસ્તાવેજની થોડી વધુ પ્રતો છપાવી છે, અભ્યાસ કરવામાં રસ હોય તે કાર્યાલય પર એક પોસ્ટકાર્ડ લખીને મંગાવી શકે છે.)

૧૬ પાનાંમાં છપાયેલો આ દસ્તાવેજ નક્કી કર્યા પ્રમાણે તા. ૨૪–૨૫ નવેમ્બરના અધીવેશનમાં રજુ કરવામાં આવ્યો, પણ અધીવેશન પુરતી તો વાત જાણે કે ત્યાં જ પુરી થઈ ગઈ. પરીણામે દસ્તાવેજના ઘડવૈયાઓ પૈકી સૌથી શાંત સાથીએ નીરાશાના ઉદ્ગાર કાઢવા પડયા, “મેં આજ નીરાશ હું.”

એક આવશ્યક માહીતી અહીં આપવી જરુરી લાગે છે તે એ કે તા. ૧૪મી ઓકટોબરે દશા–દીશાનો દસ્તાવેજ અંકે કરવા માટેની બેઠક અમદાવાદ ધવલ મહેતાને ઘેર મળી હતી, તેમાં એસોસીએશનના અધ્યક્ષની હાજરી અનીવાર્ય માનીને તેમને વીનંતી પણ કરાઈ હતી. પણ તેમને અનુકુળતા ન હોવાથી ખાસ એમના માટે જ એક વધુ બેઠક એમની સંમતી લઈને યોજવામાં આવી હતી. દસ્તાવેજની રજુઆત અને તેના અમલીકરણની વ્યવસ્થા ગોઠવવા માટે જ ખાસ યોજાયેલી તા. ૧૫મી નવેમ્બરની એ બેઠકમાં માંદગી આવી પડતાં હું હાજર રહી શક્યો નહોતો, પણ મારા વીચારો પત્ર દ્વારા લખી જણાવીને સાથે ઓકટોબરનો અંક પણ મોકલ્યો હતો, કે જેમાં અધીવેશન અંગેની મોટી આશા સાથે વીશાળ હાજરી માટે અપીલ કરવામાં આવી હતી. (જે વાચકોના ધ્યાનમાં એ ના આવ્યું હોય એ ફરી અંક હાથમાં લઈ જોઈ શકે છે.)

૧૫મીની એ બેઠકમાં નીર્ણય લેવાયા પ્રમાણે અધીવેશનના બીજા દીવસની ભોજન પછીની બેઠક “દશા–દીશા”ની ચર્ચા માટે જ મુકરર હતી, પણ.....

ખેર... ખંત, ધીરજ અને નીશ્ઠા રેશનાલીસ્ટોનો પ્રમુખ ગુણ છે એમ સમજી લઈને હવે સ્વતંત્ર રીતે આગળ વધવાનો દશા–દીશાના વીચારકોએ નીર્ણય કર્યો છે અને તે માટે સમીતીનું પુનર્ગઠન થઈ રહ્યું છે.

અહીં વીદ્યાર્થી કાળમાં ભણેલો એક પાઠ યાદ આવે છે. સ્કોટલેન્ડનો રાજા જ્યોર્જ અનેક યુધ્ધો હારીને ફરસ્ત પર હતાશ પડયો હતો ત્યારે તેની નજર છત ઉપર લટકતા એક કરોળીયા પર પડી હતી, જે પોતાની જાળ ગુંથવા અનેક વખત પડતો અને ફરી ચડતો હતો. રાજા આ જોઈને હતાશા ખંખેરી એક વધુ વખત યુધ્ધે ચડવા બેઠો થઈ ગયો હતો.

આપણા ભાગે પણ એ કરોળીયાને જ આદર્શ માનવાનું આવ્યું છે. તો ચાલો, કરોળીયાની જ ખંત કેળવીએ.

"મુંબઈ સમાચાર" પણ હવે અંધશ્રધ્ધાના અતીરેકથી અકળાયું હોવાનું પ્રમાણ આપતો તેનો આ અગ્રલેખ લક્ષ્મીદાસ ખટાઉ પ્રસ્તુત કરે છે.

ધર્મ હવે ધંધો છે

જેની બાય-પ્રોડક્ટ એક રુગ્ણ સમાજ પોશી રહ્યો છે

એવું કહેવાતું રહ્યું છે કે દુનીયા ઝુકતી હૈ, ઝુકાનેવાલા ચાહીયે. એવી જ કંઈક વાત હવે કહેવાતા ધર્મ, આધ્યાત્મીકતા અને સમાચારને નામે બની રહી છે.

ભારતમાં વૈશ્વીકરણના વાયરા સાથે ઉપભોકતાવાદનાં વીસ્તરીકરણ સાથે વર્તમાન સમયમાં સુપરફાસ્ટ જીંદગીને આધાર આપવા પ્લેસીબો ઈફેક્ટ સારતી આધ્યાત્મીકતા અને ધર્મની હાટડીઓ ધમધોકાર ચાલે છે.

આ હાટડીઓ ધમધમવાનું મુખ્ય કારણ છે ધાર્મીક ટીવી ચેનલો અને તેની પર આવતા કમર્શીયલ સાધુ, સંતો, બાબાઓ, ભાઈઓ.

ધાર્મીક ચેનલો કોણ જોતું હશે ? તેવો પ્રશ્ન જ વાહીયાત છે. આજે ૧૮ થી ૨૦ કરોડનું માર્કેટ ધરાવનાર આ ચેનલો માટે સાધુ-સંત, બાબાઓ ટાઈમસ્લોટ માટે સામેથી નાણાં ચુકવે છે. જેમ વીજ્ઞાપનકર્તા પોતાની પ્રોડકટ માટે પચ્ચીસ સેકંડથી મીનીટના નાણાં ચુકવે તેમ આ માંધાતાઓ અડધા કલાકથી લઈ કલાક, દોઢ કલાક ટાઈમ બુક કરે છે. એ વાત ત્યાંથી સીમીત નથી. આધ્યાતમ ગુરુઓ અને સંત મહાત્માઓની માર્કેટ રુ.૨૦૦૦ કરોડની લેખાય છે, જેમાં સીડી, વીસીડી, પુસ્તક-પત્રીકાઓ-ઔશધોનો સમાવેશ થાય છે.

વર્શો પુર્વે માત્ર ગણીને ધાર્મીક ચેનલો હતી જેની સંખ્યા અત્યારે ચાર ગણી થઈ ગઈ છે. બાકી હોય તેમ વધુ ને વધુ ધર્મને નામે આસ્થા કહેતાં અંધવીશ્વાસ ફેલાવતી ચેનલો આવી રહી છે. ધાર્મીક ચેનલો અને ભક્તી સંગીતને નામે ચાલતું આ બજાર વર્શના ૨૦ ટકાના દરે વીકસતું જાય છે, બજારના આંકડાઓ કહે છે કે કુલ વેચાતી સીડી-વીસીડીમાં ૫૦ ટકા ભાગ ફીલ્મ સંગીતનો હોય છે, ૨૦ ટકા શાસ્ત્રીય સંગીત અને રોક-પોપ ફરમાસુ સંગીતનો હોય છે. જ્યારે ભક્તીસંગીતનો માર્કેટ શેર લગભગ ૩૦ ટકા જેટલો છે.

વાંધો ધર્મ અને નૈતીક મુલ્યો સામે હોઈ જ ન શકે, પરંતુ ધાર્મીક આસ્થાને જ્યારે ચોક્કસ રીતે રોકડી કરવામાં આવે કે તેને કારણે કોમી સંવાદીતા પર ખતરો તોળાતો જણાય ત્યારે એ વીશય ગંભીર વીચારણા માગી લે છે. મુળભુત રીતે નૈતીકતા, સદ્‌ભાવ હવે માત્ર ધર્મગ્રંથો પુરતાં સીમીત છે. એ કદાચ વંચાય, જોવાય છતાં તેને આચરણમાં મુકાતા નથી. ધાર્મીક ચેનલો એક "ફીલ ગુડ" ઈફેક્ટ સર્જીને છુટી જાય છે, પરંતુ વ્યાવસાયીક સમાચાર ચેનલોને આ કસદાર ધંધો જોઈ મોઢામાં પાણી છુટતાં હવે તેમણે પણ આ દીશામાં ઝુકાવ્યું છે.

કોઈપણ ન્યુઝ ચેનલ જોશો તો ધાર્મીક આસ્થાને હળવેકથી અંધશ્રધ્ધામાં ફેરવીને સનસનાટીભરી સ્ટોરી રજુ કરવામાં આ ચેનલો પાછળ નથી.

તાજેતરમાં જ સુચના અને પ્રસારણ મંત્રી પ્રીયરંજન દાસમુનશીએ આ વીશયે કડક આલોચના કરવી પડી. ખરેખર તો સમાચાર ચેનલોને લાઈસન્સ સમાચાર દર્શાવવા મળે છે. મનોરંજન પ્રદર્શીત કરવા માટે નહીં (જુઓ વીવેકપંથી સપ્ટેમ્બર '૦૭ – પાનું ૫.) છતાં, લગભગ દરેક સમાચાર ચેનલ પર ગળચટ્ટી, તીખી-તમતમતી અશ્લીલ અને બીભત્સ આઈટમ સામાચાર રુપે એક અથવા બીજા સ્વરુપે પ્રદર્શીત થતી રહે છે. તેમાં સૌથી વધુ મોટી ડીમાન્ડ ધાર્મીક ક્ષેત્રે ચાલતાં ભુતપ્રેત નીવારણ વીશયક હોય છે.

માત્ર પોતાની ટીઆરપી વધારવા માટે ન્યુઝ ચેનલોને રાજકારણીના પાનમસાલાથી લઈ રાખી સાવંતો અને ધર્મધુરંધરોના નામે રોકડી કરવાનો જરાસરખો છોછ નથી.

એમ કહેવાય છે કે કળીયુગમાં માત્ર ભક્તી જીવંત છે બાકી જ્ઞાન અને ચારીત્ર્ય મૃતપાય અવસ્થામાં છે. શાસ્ત્રમાં કહેવાયેલી આ વાતને શત પ્રતીશત સાચી ઠેરવે તેવી ચેશ્ઠા પ્રચાર માધ્યમો કરી રહ્યાં છે તેવું કહેવામાં કોઈ અતીશયોક્તી નથી.

ભારતમાં "મોરલ પોલીસીંગ" જેવી કોઈ ચીજ જ જાણે અસ્તીત્વમાં નથી. ફીલ્મોમાં દર્શાવાતી અશ્લીલતા માટે સેન્સર બોર્ડ છે. પણ પ્રચાર માધ્યમો પર તો કોઈનો અંકુશ જ નથી. ચુંબન કરતાં વધુ જીવલેણ એવી અંધશ્રદ્ધા અને કોહવાયેલી ધર્માંધતા એક રોગીશ્ટ સમાજને પોશી રહ્યાં છે તેવી વાત સ્વીકાર કરવાની નીતીમત્તા ન કોઈ રાજકારણી પાસે છે, ન કોઈ નાગરીક

પાસે. ધર્મને નામે માત્ર ઈલેક્ટ્રોનીક મીડીયા જ ડીંડવાણું ચલાવે છે તેવું નથી, પ્રીન્ટ મીડીયા પણ તેમાંથી બાકાત તો નથી જ. પરંતુ, માત્ર એટલું આશ્વાસન લઈ શકાય કે પ્રીન્ટ મીડીયામાં હજી થોડી તટસ્થતા અને સમજદારી બચ્યાં છે.

ધર્મને ધંધો બનાવી દેનાર ધર્મધુરંધરો અને મીડીયાબેરનોની વાત જ નીરાળી છે. તેમને તો કોઈપણ હીસાબે રોકડી કરી લેવામાં રસ છે. ખરેખર તો આ પરીસ્થીતીમાં પ્રચાર માધ્યમોને પોતાની સામાજીક જવાબદારી યાદ અપાવવા, મર્યાદામાં રાખવા ચેનલો પર નીયંત્રણ લાવતા કાયદાની જરુર છે, જે વીશે અગાઉ ભારે વીરોધ થઈ ચુક્યો છે.

અમેરીકા,જર્મની, બ્રીટન, ફ્રાન્સ જેવા લોકતાંત્રીક દેશોમાં પ્રચાર માધ્યમોને સંપુર્ણ સ્વતંત્રતા છે જ છતાં ત્યાંની સરકાર "મોરલ પોલીસીંગ"ની ફરજ ચુકતી નથી. ત્યાં પ્રચાર માધ્યમો માટે કડક નીયમનો અસ્તીત્વમાં છે જ. ભારતમાં પણ આ નીયમનો અમલી બનાવવા હવે જરુરી બની ગયા છે.

ધર્મ એક સંસ્કૃત અભીકોણ છે, જે માણસને અન્ય પ્રાણીઓથી જુદો પાડે છે, પરંતુ ધર્મ, ધાર્મીક રુઢી અને અંધશ્રધ્ધામાં પરીવર્તીત થાય તો શું પરીણામ લાવે છે તેનાથી કોઈ ભારતીય અજાણ નથી. સમયનો તકાજો ધર્મને ધર્મ રાખવાનો છે અને તેને ધંધો બનતો અટકાવવાનો છે.

[મુંબઈ સમાચાર તા. ૪-૯-૦૭નો અગ્રલેખ]

ભુલસુધાર

એક વાચક નામે દીનેશ ધાબરીયા નીચેની ભુલો તરફ ધ્યાન દોરે છે.

(૧) ઓકટોબર અંકના પાના ૧૪ ઉપર શુન્ય પાલનપુરીનો જે શેઅર છપાયો છે તેની બીજી લીટીમાં "આવો" નહીં પણ "આરો" જોઈએ.

"આત્મપુજા વીના શુન્ય આરો નથી."

(૨) નવેમ્બરના અંકના અગ્રલેખની પહેલી જ લીટીમાં સોક્રેટીસ લખાવું જોઈએ તેના બદલે સેક્સપીયર લખાઈ ગયું છે.

(૩) એ જ અંકના પહેલે પાને "તાજ્જુબ"ની કલમ ૪માં "C" કોઈપણ આંકડાના શબ્દાંકનમાં ક્યાંય આવતો નથી એમ કહેવાયું છે, પણ એની ઉપર જ Nine Crore માં તો "C" આવ્યો છે.

માનો કે ના માનો, પણ....

મહીલાઓને જાદુઈ સ્પર્શ

ઈશ્વરીદાસ ઉર્ફે અરોરાબાબા જબલપુર ખાતેના તેમના આશ્રમમાં જાદુઈ સ્પર્શ દ્વારા મહીલાઓને રોગમુક્ત કરે છે. ત્યાંના અસાધારણ ધસારામાં ૧૧ મહીલાઓનાં અવસાન અને ૨૦ મહીલાઓ ઘાયલ થયાના બનાવો નોંધાયા છે. બાબાની એ શીબીરનું ઉદઘાટન મધ્યપ્રદેશના સ્વાસ્થ્ય મંત્રી અજય વીશ્નોઈએ કર્યું હતું. બાબા સ્ત્રીઓના રોગની ચીકીત્સા પોતાના હાથના સ્પર્શથી કરે છે અને સ્ત્રીઓ પણ નીસંકોચપણે તેવો સ્પર્શઈલાજ કરાવે છે.

વીમાનને નડતા આકાશભૈરવ

નેપાલ એરલાઈન્સ પાસે બે બોઈંગ વીમાનો છે, જેમાંના એક ૭૫૭ બોઈંગને અવારનવાર કંઈકને કંઈક સમસ્યા નડે છે. વીદેશી પાઈલોટોનું કહેવું થયું કે વીમાનમાં ઈલેક્ટ્રીકલ ફોલ્ટ છે. પણ નેપાલી પાઈલોટોને લાગ્યું કે ના, વીમાનને તો આકાશભૈરવનો પ્રકોપ જ નડે છે. તેમણે વીમાન પાસે એક બકરાની બલી ચડાવીને તેનાં શીંગડાં વીમાનમાં જડી દીધાં. સીનીયર એરલાઈન્સ મેનેજર રાજુ કે. સી. નું કહેવું છે કે આકાશભૈરવને બલી ચડાવ્યા પછી વીમાનને કોઈ સમસ્યા નડી નથી.

પશુબલી તો છતાં ચાલુ છે

અમદાવાદના ભદ્રકાળી મંદીરમાં અગાઉ પાડો વધેરાતો હતો, પણ તેના પર પ્રતીબંધ આવી જતાં હવે એમ થતું નથી. છતાં દુરસુદુર જઈ એકાંતમાં ભદ્રકાળીની છબી મુકી તેની સમક્ષ પશુબલી આપવામાં આવે જ છે. ક્યાંક ક્યાંક તો નાના બાળકોની બલી પણ ચડાવાય છે.

જ્યોતીશીઓની સલાહ પ્રમાણે મુળનક્ષત્રમાં જન્મેલાં બાળકોનું પ્રમાણ એમાં વીશેશ હોય છે તે એટલા માટે કે તેવાં બાળકો આગળ જતાં તેના માબાપ માટે પીડાકારી બને છે.

વીચાર લાલીત્ય

ધર્મને સમાજ જીવનથી જુદા કરી શકાય તેમ નથી તેથી વીવેકબુધ્ધીની વાત એ છે કે રેશનાલીસ્ટોએ ધર્મનું તત્વજ્ઞાન અને મનોવીજ્ઞાન સમજવા પ્રયાસ કરવો જોઈએ. ધર્મને, ધર્મના વીચાર-આચારને કેવી રીતે વૈજ્ઞાનીક જીવનસંગત, હેતુલક્ષી, અર્થપુર્ણ બનાવી શકાય તે રીતે વીચારવું જોઈએ.

- ડો. બી. એ. પરીખ

મંતવ્ય જાણે કે દીવાળી જ ઉજવાઈ

પ્રારંભથી જ 'વીવેકપંથી'નો સમર્થક, વાચક અને ચાહક રહ્યો છું.

છેલ્લા બે અંકો ૬૬-૬૭ (સપ્ટેમ્બર-ઓકટોબર)માં તો રીતસર દીવાળી જ ઉજવવામાં આવી હોય તેવું અનુભવ્યું.

પ્રવીણચંદ્ર શાહના લેખ 'સંશયમાર્ગી સત્ય શોધકો'ના બે હપ્તા ખુબ સરસ રહ્યા. એમણે એમની પુખ્ત લેખીનીથી આજ સુધીનો બુધ્ધીવાદીઓનો ઈતીહાસ સ્પશ્ટ રીતે છતાં ટુંકાણમાં આપી દીધો છે. તેમાંય તેમના લેખનું છેલ્લું વાક્ય 'ઈશ્વર છે કે નથી એ પ્રશ્ન જ રહ્યો નથી' એમ લખીને ભુમીતીના Q.E.D.ની જેમ સ્પશ્ટતા કરી નાખી છે.

ભગવાનજી રૈયાણીના કોર્ટમાર્શલ લેખે પણ કમાલ કરી છે. સાવ સરળ અને રમુજી શૈલીમાં તેમણે એક અઘરા વીશયનું કોર્ટમાર્શલ કરી નાખ્યું છે. સુખી થવાની ચાવી એમણે જનસમાજને બતાવી દીધી છે.

લલીત નગરશેઠે વૈજ્ઞાનીક ચીંતન દ્વારા રેશનાલીઝમનું સારું ભાથું પુરું પાડયું છે. અન્ય લેખો અને વીભાગો પણ રોચક રહ્યા.

– જવાહર મહેતા

૬૫, સરલા મનોહર, પ્લોટ ૧૯,
સેકટર ૧૭, વાશી, નવી મુંબઈ

❁

જોડણી સુધારો યોગ્ય – અયોગ્ય

જોડણી કાંઈ શાસ્ત્ર નથી પણ એક વ્યવસ્થામાત્ર છે અને વ્યવસ્થા તો સરળ જ હોવી જોઈએ તેવા ગુલાબ ભેડાના મત સાથે હું સંમત છું.

મારે ઉત્તમ ગજ્જર, રામજીભાઈ પટેલ, નીશીથ ધ્રુવ વગેરે સાથે આ વીશયમાં બહોળો પત્રવ્યવહાર થયો છે, પ્રત્યક્ષ ચર્ચાઓ પણ થઈ છે, જેનાથી મારા કામમાં ઘણી સહાયતા થઈ છે.

વીસમી સદીની જરૂરતો પુરી કરવા થાગડથીગડ નીતી નહી ચાલે, સમુળો કાયાકલ્પ જ કરવો ઘટે. મેં તર્કબધ્ધતા અને વીવેકપંથ અપનાવી જે લેખનપ્રણાલીનું ગઠન કર્યું છે, એમાં વધુ સારો તર્ક સાંપડતાં જરૂરી સુધારા કરવાની પ્રતીબધ્ધતા અહીંથી જાહેર કરું છું.

(લેખકે પોતાની એક વીશીશ્ઠ લેખનપ્રણાલી તૈયાર કરી છે. – તંત્રી)

મારી પસંદગીની લીપીમાં પુરાતન ઉમદા પાસાંઓને શક્ય હોય ત્યાં સુધી જાળવી નવી જરૂરતો પુરી કરવા આધુનીક રીત રસમો માટે સુગ રાખ્યા વગર મેં પસંદ કરેલું લીપી-બંધારણ કોઈપણ બોલ માટે વાપરવાથી તાર્કીક અને વીવેકપંથી વીચારસરણીવાળું લેખન થાય છે. બોલાય તેવું લખાય તેવી લીપી પુરી પાડવા મેં કેટલાક નીયમો તારવ્યા છે.

– શીવકુમાર જૈન

૧૧૦, ૧૬મો રસ્તો, ચેમ્બુર, મુંબઈ – ૪૦૦ ૦૭૧

(૨)

કવી નર્મદે એકલે હાથે 'નર્મદ કોશ' બનાવ્યો હતો. વડોદરાના વીદ્વાન ડો. ભરતરામ ભાનુસુખરામ મહેતાએ ગુજરાતી વીશાળ શબ્દકોશ બે ભાગમાં તેમ જ અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશ બે ભાગમાં પ્રકાશીત કર્યા હતા.

ગોડંળના મહારાજા દ્વારા પ્રકાશીત ગોમંડળ કોશ પાંચ ભાગોમાં પ્રકાશીત થયેલો એક જોડણી કોશ સંદર્ભ ગ્રંથ જ હતો. નવજીવન પ્રકાશીત જોડણીકોશ મહાત્માજીની અનુભુતી પામ્યો હતો.

નરસીંહરાવ દીવેટીયા મહાકવી નાનાલાલનાં છંદમાં લઘુ-ગુરુના નીયમોનાં બંધનમાં રહી શબ્દોની જોડણી કરતા હતા.

નવી સુધારેલી જોડણી ગળે ઉતરતી નથી. એમાં સરળતાને બદલે કલીશ્ટતા અનુભવાય છે.

આંખોને જે ટેવ પડી છે એ આંખો નવી સુધારેલી જોડણીથી દુર ભાગે છે.

ભુલ કબુલ, પણ .... ?

ઓકટોબરના અંકમાં ભીખાભાઈ અમીન લખે છે 'ઉતરતી કોમ' લખવું બરાબર નથી. મારી આ ભુલ કબુલ છે, પણ ઘણીવાર લખતી વખતે એવી શબ્દમર્યાદાનો ખ્યાલ રહેતો નથી.

એક બે ઉદાહરણો જોઈએ. ચંદ્રકાંત બક્ષીએ તેમની બોલકી નવલકથામાં લખેલા શબ્દો માટે એમણે વર્શો સુધી કોર્ટમાં લાંબા થવું પડયું હતું.

બે ચાર સાહીત્યકારોએ વાપરેલા જ્ઞાતીસુચક શબ્દો માટે તેમને કોર્ટના તેડાં આવ્યાં હતાં. પ્રેસ કાઉન્સીલના નીયમ પ્રમાણે બે કોમોનો સ્પશ્ટ ઉલ્લેખ કરી શકાતો નથી, તેથી 'બીનહીન્દુ કોમે એક કોમ પર હુમલો કર્યો હતો' એમ લખવું પડે છે.

એક લેખમાં વાપરેલા શબ્લો માટે 'સમકાલીન'ના તંત્રી – હસમુખ ગાંધી અને લેખક સૌરભ શાહ પર એક સંતે ફોજદારી ખટલો માંડયો હતો અને તેમના

પર જોખમ પણ ઉભું થયું હતું. ભયના ઓથાર વચ્ચે દીવસો કાઢતા એ બંને સર્જકોએ અમદાવાદ હાઈકોર્ટમાં ક્વેશીંગ એપ્લીકેશન કરી કેસ રદ કરાવ્યો હતો.

– જયદેવ ત્રીવેદી

૫, સ્મીતા, લલ્લુભાઈ પાર્ક, અંધેરી (પ), મુંબઈ –૫૮

❀

વીરોધી જુવાળ જાગવો જોઈએ

'વીવેકપંથી' મળતાં આખું વાંચી જાઉં છું.

અમારા જીલ્લાના રુપાલ ગામે પલ્લીમેળો ભરાય છે, જેમાં ૬ લાખ લોકોએ ભાગ લીધો.

DDZ ઉપર દર મંગળવારે અને ગુરુવારે બપોરે 'આપવીતી' સીરીયલ આવે છે. આ સીરીયલમાં માત્ર સ્ત્રીનું જ ખુન થાય છે. અથવા સ્ત્રી આપઘાત કરે છે. મૃત્યુ પછી મૃત સ્ત્રી પોતે જ પોતાનો બદલો લે છે. એ સીરીયલ જાણે કે સ્ત્રીઓને કઈ રીતે મારી નાખી શકાય તેનો ઈલમ જ બતાવે છે, પણ કોઈ રેશનાલીસ્ટ મીત્રે તેનો વીરોધ કર્યાનું જાણમાં નથી. આ અંગે જબરો જુવાળ જાગવો જોઈએ.

– જી.વી.મકવાણા

ડાયરેકર હ્યુમન સર્વીસ સેન્ટર, ૭, શ્રી પ્રભુ સોસાયટી, વ્રજ ટેનામેન્ટ પાસે, ચાંદખેડા ૩૩૨ ૪૨૪

❀

વાંઝીયા પ્રયાસો

રુપાલની પલ્લી સામે રેશનાલીસ્ટો પ્રયત્નો કરે છે, પણ સફળતા મળતી નથી તેથી પ્રયાસો વાંઝીયા ગણાય. શું આપણે થોડું લખી, થોડું બોલી અને અધીવેશનો ભરીને જ સંતોશ માની લેવાનો છે ? મારા તરફથી આ કાર્ય માટે રુ. ૫૦૦૦ રોકડા અને વર્શમાં એક મહીનો સેવા આપવાની તૈયારી એક વધુ વખત જાહેર કરું છું.

ઓકટબરનો અંક એકબેઠકે વાંચી ગયો. 'સંશયમાર્ગી સત્યશોધક'ના લેખક પ્રવીણચંદ્ર શાહને કેટલાક પ્રશ્નો :

૧. સૃશ્ટીના ઉદભવ પાછળ કોઈ હેતુ, પ્રયોજન, યોજના કે ઉદ્દેશ નથી. જીવનનું ધ્યેય એક જ અને તે આનંદ. તો શું એને જ ઉદ્દેશ ના કહેવાય ?

૨. સૃશ્ટી કેવળ પ્રાકૃતીક વીરાટ અકસ્માત છે. પ્રશ્ન એ થાય કે અકસ્માત પણ આટલો વ્યવસ્થીત ?

૩. ચાર્વાકના કહેવા પ્રમાણે બધા લોકો દેવું કરીને પણ આનંદ માણે તો સમાજવ્યવસ્થા ખોરવાય નહી ?

કાન્તી ભટ્ટ ખરા છે. ગાંધીજીએ રામનામના ચમત્કારોનો અતીરેક કર્યો જ છે. એકંદર અંક ખુબ જ રસપ્રદ રહ્યો.

– કાન્તીલાલ ભુત

રુડા–૧ શેરી–૪, કાલાવડ રોડ, રાજકોટ –૫

❀

વીવેકપંથી અહંકારી હોય ?

લક્ષ્મીદાસ ખટાઉ લખે છે કે તેમનાં પત્ની વીવેકી હતાં, પણ રેશનાલીસ્ટ નહોતાં. અર્થાત એ વીવેકપંથી હતાં તો વીવેકપંથીની ચોક્કસ વ્યાખ્યા કરવી જરુરી ના ગણાય ? વ્યક્તીરુપે ભગવાનનું કોઈ અસ્તીત્વ નથી એ તૌ સૌને માન્ય છે, પણ સમશ્ટીનું સંચાલન કોઈ દ્વારા થતું જ હશે અને એ કોઈક કોણ ? એ કોઈક ને જ ભગવાનનું નામ આપવામાં આવ્યું હોય તેવું ના બને?

સાવ સામાન્ય કક્ષાના કથાકારો પણ પોતાને 'સંત' કહેવડાવતા થઈ ગયા છે. તો સંતની સાચી વ્યાખ્યા શી ? મોરારીબાપુની બહારની અને અંદરની વલણમાં જબરો ફરક દેખાય છે. તેઓ રજનીશની જેમ તદ્દન ખુલ્લા ના થઈ શકે ?

શું વીવેકપંથીઓમાં અંહકારનાં દર્શન નથી થતાં? ફક્ત અંધશ્રધ્ધા અને ક્રીયાકાંડમાં ના માનવાથી જ શું વીવેકપંથી થઈ જવાય ? અન્ય કોઈ ચળવળની જરુર નહી ?

– મનસુખ પટેલ, કોડાય, તા. માંડવી (કચ્છ)

❀

કર્મચારીઓ રેશનાલીસ્ટ બને તો !

અંધશ્રદ્ધા, ભુત, વળગાડ વગેરે દુર કરવા વૈજ્ઞાનીક માર્ગે જે પ્રયત્નો થઈ રહ્યા છે તે સરાહનીય છે.

અહીં મારે એક વાત પર ધ્યાન દોરવું છે. વીજળી (વીદ્યુતતંત્ર) પણ વીજ્ઞાનાધારીત જ છે. પણ શું એના કર્મચારીઓ આ વાત સમજે છે? ના, બાવા સાધુઓ તો પેટ ભરવા માટે પ્રપંચો કરતા હોય છે. જ્યારે વીજકામદારોને તો પગાર મળે છે. પરંતુ ત્યાં વીજ્ઞાન અને ટેકનોલોજીનો ભયંકર દુરુપયોગ થાય છે. વીજળીના થાંભલા નબળા હોવાથી કે ઓવરહેડ વાયરો એકાએક તુટી પડવાથી જબરી જાનહાની થવાના દાખલા અવાર–નવાર બને છે, પણ સરકારી તંત્ર ધ્યાન આપતું નથી.

અસાધારણ ભાવવધારાથી ઉપભોકતા શોશાઈ રહ્યો છે, પીડાઈ રહ્યો છે પણ કોઈ દાદ–ફરીયાદ સાંભળનાર નથી. શું આ કર્મચારીઓ રેશનાલીસ્ટ બની જાય તો પરીસ્થીતીમાં ફેર પડે ?

– ચંદ્રવદન પંડયા

નાગર ચકલા, જામનગર

વીચીત્ર વૃતાંત

સંપાદકઃ **જયદેવ ત્રીવેદી,** એડવોકેટ

★ **આ**ખા પરીવારને શ્વાસની તકલીફ રહે છે તેનું કારણ ૬૦ વર્શની એક વૃદ્ધા છે, તેવી શંકાથી એ વૃદ્ધાને છરીથી રહેંસી નાખવામાં આવી.

★ ચેન્નઈના ભુવાએ સુચવ્યું કે ૩૩ વર્શના યુવક સેલ્વકુમારે અગાઉ પ્રેમ કરતાં કુતરીને મારી નાંખી હતી તેથી તે સખત બીમાર રહે છે. કુતરી સાથે વીધીવત્ લગ્ન કરવાં એ જ એનો ઉપાય છે; અને સેલ્વકુમાર કુતરીને પરણ્યાઃ

★ કર્ણાટકમાં ગાયક જે રાગમાં પ્રભુત્વ મેળવે તેનું નામ તે રાગ સાથે જોડવાના નીયમ અનુસાર તોડી રાગ ગાતા સીતારામૈયાનું નામ તોડી રાગ સાથે જોડી દેવાયું "તોડી સીતારામૈયા".

★ હીમાચલના ચંબા ગામે ૧૮ વર્શની સપનાકુમારીએ જાહેર કર્યું કે પોતે નાગકન્યા છે. ગામ લોકોએ તેને પદ્માસનમાં જ જમીનમાં દાટીને પુજા અર્ચના ચાલુ કરી. પોલીસને જાણ થતાં તેને બહાર કાઢી. સમાધી પર ધરેલા રુપીયા લઈને જે ખાસ ભક્તો રફુચક્કર થઈ ગયા હતા તેને સપનાકુમારી શોધતી જ રહી.

★ માત્ર લીંગરી (સ્ત્રીનું એક તદ્દન ટુંકું આંતરવસ્ત્ર) પહેરીને જ કામ કરવાની ફરજ લીંગરી બનાવતા એક કારખાનાના માલીકે સ્ત્રી મજુરો માટે ફરજીયાત રાખ્યું છે તેથી ૫૦૦ જેટલી મહીલાઓ ત્યાં માત્ર લીંગરી પહેરીને જ નીસંકોચ કામ કરે છે – જો કે પુરુશપ્રવેશ પર ત્યાં નીશેધ છે.

★ વીયેનામાં બેગ લઈને જતી એક મહીલાને લુંટારાએ લુંટી, પણ બેગમાંથી નીકળ્યું શું ? મરેલાં બે સસલાં, જેમને દફનાવવા મહીલા જઈ રહી હતી.

★ બેંગલોરના કુબ્બોન પાર્કમાં રસ્તે ચાલતી એક અજાણી સ્ત્રી સાથે રોમાંસ કરવા જતાં એક જણ સાવ લુંટાઈ ગયો. જાગીને જોયું તો પોતે તદ્દન નીર્વસ્ત્ર હતો.

★ શીકાગોમાં પત્ની સાથેના કંકાસથી કંટાળી એક પટેલ પીતાએ પોતાનાં બંન્ને સંતાનોને બાળી મુકયા અને પોતે પણ બળી મરે તે પહેલાં પકડાઈ ગયો.

★ રાંચી–ઝારખંડમાં એક પીતાએ પોતાની ઈચ્છા વીરુદ્ધ કોટીયલ કન્યા સાથે લગ્ન કરનાર પુત્રને મરેલો જાહેર કરી, તેનું શ્રાધ્ધ કરી નાખ્યું.

★ સ્પેનના એક મોટા મોલમાં પત્નીઓ સાથે ખરીદીએ જતા પતીઓ માટે એક વીશીશ્ઠ પ્રકારનું "પારણા દાર" બનાવાયું છે, જેમાં મનોરંજન અને ટાઈમપાસનાં સાધનો સાથે યુવાન આયાઓને પણ રોકવામાં આવી છે. પતીઓ ખરીદી માટે પત્નીઓને ત્યાં જ રાજીખુશીથી લઈ જાય છે.

★ મુંબઈના ઘણા 'ઉંચા લોકો'ને પોલીયો રસી મુક્યા પછી પોલીયોવાળા બારણે ચોકથી નીશાન કરી જાય એ ગમતું નથી, પણ એક વખત માંગી જનાર હીજડા નીશાન કરી જાય તેની સામે તેમને વાંધો નથી, કારણ કે બીજા હીજડા ત્યાં પછી માગવા આવતા નથી.

★ મધ્ય પ્રદેશમાં ૧૮ વર્શની એક યુવતીને પોલીસ ખાતામાં નોકરી આપ્યા પછી જણાયું કે તે યુવતી ના હોતાં હીજડો છે તેથી તેને કાઢી મુકવામાં આવી. સ્ત્રીએ મેડીકલ સાયન્સ પાસે ચકાસણી માંગી તો પ્રજનન અંગો વીનાની એ સ્ત્રી પુરવાર થઈ અને નોકરી પાછી મળી.

★ શીરડી સાંઈબાબાનું સીંહાસન, જે હમણા ચાંદીનું છે તેને રુ. બાવીસ કરોડના ખર્ચે આંધ્રના ભક્તો સોનાનું બનાવવામાં પ્રવૃત્ત છે. રુ. ૧૦૦ કરોડના સીંહાસન પર બાબા બીરાજતા થઈ ગયા છે

★ રાશ્ટ્રપતી પ્રતીભા પાટીલ પોતાને પદ મળ્યાની માનતા ઉતારવા ૨૭મી નવેમ્બરે શીરડીના સાંઈદર્શને ગયાં હતાં ત્યારે ૮ થી ૧૧ ત્રણ કલાક અન્યો માટે દર્શન બંધ કરી દેવામાં આવ્યાં હતાં. સોળ હજાર ભક્તો રહી શકે તેવા પ્રસાદાલયનું પણ તેમણે ઉદ્ઘાટન કર્યું હતું.

★ એ જ સાંઈબાબાના દર્શન માટે થાણેથી શીરડી જતાં એક ગુજરાતી પરીવાર લુંટાઈ ગયો, જેમાં રુ. ૨૯ હજારનાં દાગીનાં અને મોટી રકમ ગુમાવી. સાંઈબાબાએ તેમની રક્ષા ન કરી.

★ સાંઈબાબના દર્શને મુંબઈથી શીરડી જતાં સીન્નરવાવ ગામ નજીક અનેક લોકો આદીવાસીઓ દ્વારા લુંટાય છે. તાજેતરમાં જ કાંદીવલીના યુવક બકુલ સોમાણીને પણ લુંટીને મારી નાખવામાં આવ્યો. આવા સમયે સાંઈબાબા વહારે ધાતા નથી

★ મુંબઈના અજમેરા ગ્રુપ બીલ્ડર તરફથી વડતાલના સ્વામીનારાયણ મંદીરમાં રુપીયા એક કરોડથી વધુ રકમનો હીરાજડીત મુગટ અર્પણ કરવામાં આવ્યો.

★ મુંબઈ યુની.ના એક છાત્રને અર્પણ કરાયેલા સુવર્ણ ચંદ્રક પર સોનાનો માત્ર વરખ જ હતો. ૯૦ હજારનું સોનું એક પ્રોફેસર હડપ કરી ગયા હતા.

★ પશ્ચીમ બંગાળના જળપાઈ ગુડી જીલ્લામાં અફીઝુદીન નામના શખસે 'ખુદાના હુકમ'થી પોતાની જ્યેશ્ઠ પુત્રી સાથે લગ્ન કરી લીધાં છે, જે પાંચ માસનો ગર્ભ ધરાવે છે.

★ વીજ્ય મેળવ્યા બાદ રામચંદ્રે વીજ્યપુશ્પ નક્ષત્રમાં પ્રવેશ કર્યો હતો તેને અનુલક્ષીને ભાજપના ૮૬ અમદાવાદી ઉમેદવારોએ એ નક્ષત્રમાં જ ચુંટણીનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું.

★ કર્ણાટકની પ્રથમ સરકારનું પતન થતાં હારેલા મુખ્ય પ્રધાન યેદીયુરીપ્પાએ જે ડી એસની નેતાગીરી પર આક્ષેપ કર્યો છે કે દેવગૌડા કાળા જાદુથી તેની હત્યા કરવા માંગે છે.

★ ધારાવીની એક બીમાર મહીલા પર ઈલાજના બહાને ૫૦ વર્શીય પુજારી શેખર શંકરે બળાત્કાર કરીને જો કોઈને વાત કરશે તો ભસ્પીભુત કરી નાખવાની ધમકી આપી.

★ જ્યાં મહીલાઓને સાડી પહેરીને જ પ્રવેશ હોય તેવા કેરાલા ના ગુપ્વાયોર મંદીરમાં સલવાર-ખમીય સાથે પ્રવેશવાની વ્યવસ્થાતંત્રે છુટ આપી તેથી દેવતા નારાજ થયા છે એમ કહી જ્યોતીશી પદ્મનાભે દેવતાને પુન: પ્રસન્ન કરવાની ૧૦ દીવસની વીધી ખાનગીમાં કરી. કેટલાંક મંદીરોમાં તો સ્ત્રીઓને પ્રવેશ જ નથી.

★ પરીવારની સુખાકારી માટે વર્શના અમુક દીવસો માટે તામીલનાડુની કેટલીક સ્ત્રીઓ પોતાના પતીઓને સ્ત્રીવેશે શણગારી મંદીરોમાં મુકી આવે છે, જ્યાં તેમણે નીર્ધારીત સમયસુધી સ્ત્રીવેશે જ રહેવું પડે છે.

★ નીસંતાન સુનીતાને બીહાર સમસ્તીપુરના શૌક્તઅલીએ સલાહ આપીકે સંતાન માટે તેની જેઠાણીના બે બાળકોને કુહાડીથી કાપીને જમીનમાં દાટી દેવાં. બાળકો ગુમ થવાની ફરીયાદ પર સુનીતા તથા તાંત્રીક પકડાયાં અને તેના પતીએ આપઘાત કર્યો.

★ હરીદ્વારની કેટલીક ટપાલ પેટીઓમાંથી પત્રો કઢાતા ના હોવાથી પેટી છલકાઈ ઉઠતાં તમામ પત્રોને વહેતી ગંગામાં વહાવી તેનો મોક્ષ કરવામાં આવે છે.

★ ઘરમાં દટાયેલો ગુપ્ત ખજાનો મેળવવા ઓરીસ્સાના કટકમાં એક ૩૫ વર્શીય શીક્ષકે વીરોધ કરતી પત્નીને બાંધીને પુત્રનું બલીદાન આપવાની તૈયારી કરી, પણ પકડાઈ ગયો.

★ વીલ્લપુરમ – તામીલનાડુમાં પોતાની ૧૩ વર્શીય પુત્રીને એક હરીજને પુજારીને સમર્પીત કરી દીધી જેને દેવદાસી તરીકે પુજારીએ સ્વીકારી પણ લીધી. પરંતુ વાત બહાર આવી જતાં કલેકટરે ખાસ રસ લઈને હરીજન બાળાને છોડાવીને આશ્રમશાળામાં દાખલ કરી દીધી.

★ કફપરેડના એક એપાર્ટમેન્ટના ૧૧મા માળે રહેતી અભીલાશા ખન્નાએ કડવાયોથ નીમીત્તે ગ્રીલ વીનાની બારીમાંથી ચંદ્રદર્શન કરવા જતાં નીચે પડી જઈ જીવ ખોયો.

તમે જ કહો

★ વેલેન્ટાઈન ડે નીમીત્તે શીવસેનાએ દુકાનો તોડી, તોફાન કર્યું તે ગુંડાગર્દી ના ગણાય ?

★ ધર્માંધ શીશ્યો નજીવા કારણસર વીમાનઘરની તોડફોડ કરે તેને આતંકવાદ ના કહેવાય ?

★ તસલીમા નસરીન સામે ધર્માંધ મુસ્લીમોએ કાઢેલા ફતવા ગેરકાયદે ના ગણાય ?

★ સ્વામીનારાયણી 'સંતો' બાળકો સાથે અડપલાં કરે તે ચારીત્ર્યભ્રશ્ટતા ના ગણાય ?

★ પંકજ ત્રીવેદીની હત્યાના પુરાવા મળ્યા છતાં જ્યશ્રી દીદી છટકી શકે એ કાયદાની ઉણપ નથી ?

★ ખુંખાર ગુનેગાર અફઝલને ફાંસી આપવામાં વીલંબ થાય એ કાયદા અને લોકશાહીનું અપમાન નથી?

★ દેવદેવીના નગ્ન ચીત્રો માટે જવાબદાર – ભાગતા ફરતા હુસેનના ચીત્રો ફાડવાં એ શું ડહાપણ છે. ?

ડો. બી. એ. પરીખે ૭૫ પુરાં કર્યાં

સત્ય શોધક સભાના પ્રમુખ ડો. ભાનુપ્રસાદ અમૃતલાલ પરીખે ૩૦મી નવેમ્બરે તેમના ઓજસ્વી જીવનનાં પંચોતેર વર્શ પુરાં કર્યાં છે.

આગામી ફેબ્રુઆરી-માર્ચમાં આ નીમીત્તે ગુજરાતના મનોવીજ્ઞાનના શીક્ષકો, રેશનાલીસ્ટ સાથીઓ, મીત્રો અને શુભેચ્છકો દ્વારા અભીવાદન સમારંભ યોજવાની વીચારણા ચાલી રહી હોવાનું બાબુભાઈ દેસાઈ જણાવે છે.

એસોસીએશનના કાર્યકારોએ
કાળીચૌદસની રાત્રે અંધશ્રદ્ધાની નનામી બાળી

ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશનના ઉપક્રમે તા. ૮-૧૧-૨૦૦૭ ના રોજ લોકમાનસમાંથી કાળી ચૌદસની રાત્રીની ભયંકરતા અને સાધના દ્વારા ભુતને વશ કરવાની વીધીની પોકળતા સાબીત કરવા માટે અને ભય દુર કરવાના હેતુથી કાળીચૌદસની મધ્યરીત્રીએ અંધશ્રદ્ધા અને ભુતની નનામીનું નવ વર્શના બાળક અનંત મોહનભાઈ રાજના હસ્તે દહન કર્યું હોવાનું મંત્રી ગીરીશ સુંઢીયા જણાવે છે. પાલનપુર માનસરોવર રોડ સ્મશાનગૃહમાં યોજાયેલ આ લોકજાગૃતી કાર્યક્રમમાં શહેરમાંથી પણ જીજ્ઞાસુઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

આ કાર્યક્રમમાં એસોસીએશનના મંત્રી ગીરીશ સુંઢીયા, પ્રમુખ અશ્વીન કારીઆ તેમજ અન્ય કાર્યકરોમાં મોહનભાઈ રાજ, વસંતભાઈ યાદવ, લવજીભાઈ મકવાણા, માનસ ચીકીત્સક ડૉ. પ્રવીણ પટેલ, ડૉ. બી. ડી. મોદી, શૈલેશ સોલંકી, મહેન્દ્રભાઈ ત્રીવેદી, વીનોદ રાવલ, નરેન્દ્ર દેશમુખ, જયેશ મોદી, નથુભાઈ પરમાર, સંદીપ રાવલ, જયેશ-વાગડોદા, જયેશ ચૌહાણ, મેહુલ યાદવ વગેરેએ સાથે રહીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

આ પ્રસંગે શહેરના પોલીસ ઈન્સપેક્ટર યુ. આર. ઠાકોર તેમજ સ્ટાફે હાજર રહીને અંધશ્રદ્ધા નીવારણની પ્રવૃત્તીને પ્રોત્સાહન આપ્યું હતું અને સહકાર આપવાની ખાત્રી આપી હતી.

ઈંદીરા ગાંધી રાશ્ટ્રીય એવોર્ડ

પીયુસીએલના મંત્રી ગૌતમ ઠાકરના જણાવ્યા પ્રમાણ રાશ્ટ્રીય એકતા અને કોમી એખલાસ માટે દર વર્શે ઈંદીરા ગાંધી એવોર્ડ અપાતો હોય છે. ૨૦૦૬ના વર્શ માટે ૨૨મો ઈન્દીરા ગાંધી રાશ્ટ્રીય ઐક્ય અને કોમી સુસંવાદીતા ઉજાગર કરવા માટેનો આ એવોર્ડ પીયુસીએલના અધ્યક્ષ પ્રા. જે. એસ. બંદુકવાલા અને પ્રા. રામ પુનીયાનીને સંયુક્ત રીતે પસંદ કરી તા. ૩૧ ઓક્ટોબરે આપવામાં આવ્યો છે.

પીપલ્સ મેનીફેસ્ટો તૈયાર કરવા માટે ભારતભરમાં નવતર એવો એક પ્રયોગ ગુજરાતે કર્યો. સુરત, રાજકોટ, ભાવનગર, પાલનપુર, ભુજ, વડોદરા અને અમદાવાદ એમ સાત શહેરોમાં એજન્ડા ફોર ગુજરાતના શીર્શક હેઠળ કાર્યક્રમો યોજાયા. સમાજના વીધવીધ ક્ષેત્રોના વક્તાઓએ ચર્ચાનો આરંભ કર્યા બાદ વીચારવીમર્શ થયો એના આધારે લોકોનો ઢંઢેરો, યાને પીપલ્સ મેનીફેસ્ટો તૈયાર કરાયો. ચર્ચાનો આરંભ કરનાર પૈકી કેટલાકનાં વક્તવ્યોનો સંગ્રહ હવે પુસ્તકરુપે તૈયાર કરવામાં આવ્યો છે. એનું પણ શીર્શક "એજન્ડા ફોર ગુજરાત" એવું રખાયું છે.

નીશણાતો, વ્યવસાયીકો, સમાજ વૈજ્ઞાનીકો, કેળરણીકારો પત્રકારો, કટારલેખકો અને સ્વયંસેવી સંગઠનોના કર્મશીલોએ મળીને વીશદ વીચારણાને અંતે ગુજરાતનો એજન્ડા ફરી એકવાર ઘડયો છે. નીસ્બત ધરાવતા નાગરીકો આ રીતે પોતાના મનની વાત કરી રાજ્યની સમસ્યાઓ અને સંભાવનાઓને અંગે મતદારોના મંતવ્ય મુજબની અપેક્ષીત કાર્યસુચી રાજકીય પક્ષોના ચુંટણી ઢંઢેરાઓમાં સામેલ કરવા માટેની કાર્યસુચી (પીપલ્સ મેનીફેસ્ટો) પણ પ્રજા સમક્ષ આ દીવસે મુકવામાં આવ્યો હતો.

મુખ્ય વકતા હતા : પ્રો. જે. એસ. બંદુકવાલા, પ્રો. રામ પુનીયાની, દીગંત ઓઝા, ડો. વીદ્યુત જોશી
સ્થળ હતું : ગજ્જર હોલ, લો ગાર્ડન, એલીસ બ્રીજ, અમદાવાદ. તારીખ : ૧૮-૧૧-૨૦૦૭ રવીવાર
સમારંભના અધ્યક્ષપદે જાણીતા સાહીત્યકાર જોસેફ મેકવાન હતા.

ધુપછાંવ

– દીનેશ પાંચાલ

હું મોરારીબાપુ હોત તો.....

માનો કે ના માનો, પણ માનવતાના કાર્યમાં ધર્મશ્રધ્ધાનો સારો ઉપયોગ થઈ શકે છે. શ્રીલંકામાં એવી ધાર્મીક માન્યતા પ્રવર્તે છે કે ચક્ષુદાન કરનારને સ્વર્ગમાં ભગવાન બુધ્ધની બાજુમાં સ્થાન પ્રાપ્ત થાય છે. આ માન્યતાના કારણે દુનીયાના સાઠ દેશોમાં શ્રીલંકા ચક્ષુઓની નીકાશ કરી શકે તેટલા આંખોનાં દાન થાય છે.

અમારા બચુભાઈ એથી જ કહે છે,"હું મોરારીબાપુ હોત તો ચક્ષુદાન કરનારને એક હજાર ગૌદાનનું પુણ્ય મળશે તેવી જાહેરાત કરી દેત"

અહેવાલ

ધર્મઝનુન નેસ્તનાબુદ થવું જ જોઈએ

અધીવેશનના ઉદઘાટક બાબુ ગોગેનેનીનું આહવાન

તા. ૨૪ નવેમ્બરની સવારે રેશનાલીસ્ટ એસોસીએશન ઓફ ઈન્ડીયાનાં ૭૭મા અને ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશનના પાલનપુરમાં મળેલા પહેલા અધીવેશનનું ઉદઘાટન કે. હનુમન્ત રાવ કરવાના હતા, પણ તેમની ગેરહાજરીમાં ઉદઘાટન બાબુ ગોગેનેનીના હસ્તે કરાવવામાં આવ્યું હતું અને મનનીય ઉદઘાટનપ્રવચન પણ તેમણે જ કર્યું હતું, "દેશનો અંધારીયો ખુણો ગણાતા ગુજરાતમાં આટલી મોટી સંખ્યામાં રેશનાલીસ્ટોને એકઠા થયેલા જોઈને મારું હૈયું હરખાય છે. ધર્મ ઉપર માનવતાનો વીજય અનીવાર્ય જ છે. ધર્મ જ્યારે વકરે ત્યારે જ તેનો સામનો કરવો એ બરાબર નથી. એને તો ઉગતો જ ડામવો જોઈએ. માનવતા વીહોણી કોઈ પણ પ્રવૃત્તીને આપણે ઝાટકી નાખવી જોઈએ એ જ રીતે ધર્મઝનુન પણ નેસ્તાનાબુદ થવું જોઈએ. હીન્દુઈઝમની જોહુકમીએ ઘણું નુકસાન કર્યું છે, એમાં સહીશ્ણુતાનું નામોનીશાન નથી. રેશનાલીસ્ટોએ કોઈપણ જાતના પરીવર્તન માટે હંમેશાં તૈયાર રહેવું જોઈએ. આપણી સામેની ચુનોતીઓને પહોંચી વળવા તૈયાર રહીએ."

બાબુના પ્રવચન બાદ ડો. આર. બી. અગ્રવાલે સોવીનીયરનું વીમોચન કરતાં કહ્યું હતું, "પાલનપુરના આંગણે આવું અદભુત આયોજન થઈ રહ્યું છે તેનો મને આનંદ છે. હું આશા રાખું છું કે આ અધીવેશન કોઈક પરીણામે જરુર પહોંચશે."

ત્યારબાદ મેદુરી સત્યનારાયણની અધ્યક્ષતામાં ડો. જયંતી પટેલનું પ્રવચન હતું. તેમણે કહ્યું હતું, "રેશનાલીટી એ માણસની આંતરીક મુડી છે. માણસ એક રેશનલ પ્રાણી છે. માણસના મનને રેશનાલીઝમથી અલગ પાડી શકાય નહી. સત્યની શોધ માટે કારણ અત્યંત આવશ્યક છે. માણસજાત રેશનાલીટી સાથે એવી ઘનીશ્ટતાથી જોડાયેલી છે કે તેની ઉપેક્ષા કરી જ શકે નહી."

અધ્યક્ષીય પ્રવચનમાં સત્યનારાયણે કહ્યું હતું, "માણસ રેશનાલીટીના આધાર પર જ ઉત્ક્રાંત થયો છે. એ પદાર્થ પણ છે અને અપદાર્થ પણ છે. રેશનલીઝમ અને માનવતા વચ્ચે કોઈ ભેદ નથી."

ઉપરના બે અંગ્રેજી પ્રવચનનો, ડો. એ. કે. ઈન્દ્રાયને તત્ક્ષણ ભાશાંતર હીન્દીમાં એવી ખુબીપુર્વક કર્યું હતું, જેનાથી એમની ગ્રહણ શક્તી અને ભાશાંતર ક્ષમતાએ શ્રોતાઓને દંગ કરી દીધા હતા. જો કે પછીના ભાશાણોનું ભાશાંતર વીસારે પડી ગયું હતું.

બપોર પછીની બેઠકમાં ડી.ડી. બંદીસ્ટેનું પ્રવચન હર્શા બાડકરની અધ્યક્ષતામાં થયું હતું, જેમણે કહ્યું હતું,"આટલી મોટી

વીશેશ પ્રકાશનો

અધીવેશનમાં વીશેશરુપે પ્રકાશીત થયેલાં પ્રકાશનોમાં પ્રથમ ઉલ્લેખ સુવીનીયરનો જ કરવો પડે.

સામાન્ય રીતે સુવીનીયરના પ્રકાશન પાછળનો પ્રમુખ ઉદ્દેશ તે તે આયોજનને આર્થીક ટેકો કરવાનો જ હોય છે અને તેથી એક રેશીયો એવો બેસાડવામાં આવતો હોય છે કે સુવીનીયરની કુલ આવકના ૩૦ થી ૫૦ ટકા જ ખર્ચાય અને ૫૦ થી ૭૦ ટકાની બચત થાય. સાહીત્યના નામે એમાં ખાસ કંઈ હોવું જરુરી મનાતું નથી, સામાન્ય રીતે પ્રમુખ કે સ્વાગત પ્રમુખનો – સચીત્ર આવકાર, મંત્રીનું ચીલાચાલુ નીવેદન અને વીશેશ પદધારકોના સચીત્ર પરીચયથી વીશેશ કંઈ સુવીનીયરમાં અપેક્ષીત નથી હોતું, પણ અહીં સુવીનીયરને તેના સાચા અર્થમાં એક સંભારણું બનાવાયું છે, જેનો યશ બેશક જ બીપીન શ્રોફનો ગણાય. જેમણે રેશનાલીઝમને લગતા અંગ્રેજી અને ગુજરાતી સાહીત્યથી સુવીનીયરને સમૃદ્ધ અને આકર્શક બનાવ્યું છે અને તે પણ પોતાની નાદુરસ્ત તબીયતે.

બીપીનભાઈ જવાબદારી પુરી કર્યા પછી તરત જ સારવાર અર્થે પત્ની જ્યોતીબેન સાથે અમેરીકા માટે રવાના થઈ ગયા હતા, જ્યાં તેમની સારવાર ચાલુ છે. આપણે ઈચ્છીએ કે તેઓ સંપુર્ણ સ્વસ્થ થઈને શીઘ્ર સ્વદેશ પાછા ફરે.

'સત્યાન્વેશણ', 'વૈશ્વીક માનવવાદ', અને 'નયામાર્ગ'ના વીશેશ અંકો પણ આ નીમીત્તે પ્રગટ થયા હતાં, તો ઈન્દુકુમાર જાનીએ 'રેશનલીઝમ-નવલાં મુક્તીનાં ગાન' શીર્શકનું એક પુસ્તક પણ આ નીમીત્તે આપ્યું – જો કે આ પુસત્કમાં વીશેશ અંકના જ તમામ લેખો ઉપરાંત ૧૦ પાનાંમાં નવા લેખો સમાવાયા છે.

એકંદરે આ ત્રણેય વીશેશ અંકોએ અધીવેશન ટાણે સાહીત્ય સ્વરુપે રેશનાલીઝમને ઉજાગર કરવામાં સારો ફાળો આપ્યો ગણાય.

ઈન્દુભાઈએ પણ આ સેવા તેમની નાદુરસ્ત તબીયતે જ બજાવી છે.

સંખ્યામાં રેશનલીસ્ટોની ઉપસ્થીતી જોઈને હું આનંદવીભોર થયો છું." તેમણે માણસજાત કેવા વીવીધ ખાનાઓમાં જીવે છે તેનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે કલ્પના જગત પણ સત્યની આભા લાવી શકે. ક્યારેક અબુધો પણ આપણને સત્ય તરફ દોરી શકે છે. સમાજમાં જેમ જેમ બદલાવ આવતો જાય તેમ તેમ માણસને પોતાના વીચાર બદલતા રહેવું જોઈએ."

અધ્યક્ષીય પ્રવચનમાં હર્શા બાડકરે કહ્યું, "માણસના મન-વચન અને કર્મ વચ્ચે સુસંગતતા હોવી ઘટે. આ માટે તેણે ટકોટક પોતાની જાતને તપાસતા-ચકાસતા રહેવું જોઈએ. ધર્મનો સૌથી મોટો દોશ એ છે કે એનાં વીધાનો ફેરવી શકાતાં નથી. એ સગવડ તો વીજ્ઞાન પાસે જ છે."

ડૉ. ઈન્દ્રાયને ત્યારબાદ ડૉ. બી. એ. પરીખની અધ્યક્ષતામાં શીક્ષણથી ધર્મને જુદો કેમ પાડવો તે વીસ્તારથી સમજાવ્યું હતું.

બીજા દીવસ સવારની બેઠક સત્યનારાયણની અધ્યક્ષતામાં દીનેશ શુકલના પ્રવચનથી ચાલુ થઈ હતી. એમણે કહ્યું હતું,"રેશનાલીઝમ અને સેક્યુલરીઝમ એકમેક સાથે ઘનીશ્ટતાથી સંકળાયેલાં છે. જો કે તર્કટી સેક્યુલરીઝમથી ચેતવું જોઈએ." એમણે બીનસાંપ્રદાયીકતા, ધાર્મીકતા અને સર્વધર્મ સમભાવની વીભાવનાઓને છુટ્ટી પાડી બતાવતાં ઈહલોક અને પરલોકની વ્યાખ્યા કરી પ્રતીપાદીત કર્યું હતું કે જે કંઈ છે તે ઈહલોક જ છે, પરલોક જેવું કશું નથી.

ભગવનાજી રૈયાણીની અધ્યક્ષતામાં ઈલાબેન પાઠકે કહ્યું હતું," આપણે ત્યાં જાતીભેદ હજી પણ પ્રચલીત છે તેની દુખદ નોંધ લેવી જ પડે. સ્ત્રીને આજે પણ માણસ ગણવામાં આવતી નથી." એમણે આસાનભેદ, ભાણા ભેદ, ઈલાજ ભેદ જેવા અનેક ભેદભાવો થકી સ્ત્રીજાતીને થતા અન્યાયની ચર્ચા ઘરેલુ બાનીમાં કરી હતી.

આ બેઠકમાં ડો. વીજયનનું પ્રવચન પણ એ જ વીશય પર થયું હતું.

અધ્યક્ષસ્થાનેથી ભગવાનજી રૈયાણીએ વક્તાઓની વાતનું સમર્થન કરતાં પોતાના કેટલાક વ્યક્તીગત અનુભવો રજુ કરવાનો પ્રયાસ કર્યો હતો. એમણે ખાસ કરીને યુવા વર્ગને આગળ આવવાનો અનુરોધ કર્યો હતો.

ધવલ મહેતાની અધ્યક્ષતામાં સવરુપ ધ્રુવે વૈજ્ઞાનીક અભીગમ પર વાત માંડી હતી. પોતાની ધારદાર શૈલીમાં એમણે કહ્યું કે આપણે મોટા ભાગે વૈજ્ઞાનીકતાથી પર તેવા અનેક પ્રકારના વીરોધાભાસો વચ્ચે જીવીએ છીએ.

અધ્યક્ષીય પ્રવચનમાં ધવલ મહેતાએ ધાર્મીક અને માનવીય અધીકારો પર પ્રકાશ ફેંકતા કહ્યું હતું કે માણસ મૃત્યુના ભયથી જ ધર્મ પાસે જાય છે.

ઈન્દુકુમાર જાની પ્રકાશીત પુસ્તક "રેશનાલીઝમ નવલાં મુક્તીનાં ગાન"નું વીમોચન કરતાં સ્થાનીક એડવોકેટ શીરીશ મોદીએ પણ પ્રાસંગીક પ્રવચન કર્યું હતું.

સંમેલન સભાઓનું સુરેખ સંચાલન પ્રો. પદ્માક્ષીએ કર્યું હતું, જેને પ્રો. હર્શા બાડકરનો સથવારો મળ્યો હતો.

તા. ૨૩મીની સાંજે એક અવધીસરની બેઠક ગુલાબ ભેડાના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં અધીવેશનના બે દીવસોને પરીણામલક્ષી બનાવવાની બહોળી ચર્ચા થઈ હતી.

દશા-દીશાના સ્થાને એકશન પ્લાન ?

બીજા દીવસની ભોજન પછીની બેઠક "રેશનાલીઝમની દશા અને દીશા"ની ચર્ચા માટે મુકરર હશે તેવી ધારણા બર આવી નહોતી. એક તો સમયની કટોકટી નડી ગઈ હતી. ઉપરાંત એ મુળ વીશયને બદલે છાપેલા એજન્ડામાં જ એકશન પ્લાનની જાહેરાત કરવામાં આવી હતી અને ચર્ચા પણ "દશા-દીશા" ને પગલે એકશન પ્લાન પર જ થઈ હતી.

ખેર ... દશા-દીશા દસ્તાવેજના ઘડવૈયાઓએ ચળવળ હવે સ્વતંત્ર રીતે ચાલુ રાખવાનો નીર્ણય લઈ લીધો છે અને તે માટે સમીતીના પુનર્ગઠનની પ્રક્રીયા પણ ચાલુ થઈ ચુકી છે (જુઓ આ અંકનો અગ્રલેખ)

એકંદર ફળશ્રુતી ?

ગયા અંકમાં અધીવેશનનો જે ટુંકો અહેવાલ છપાયો છે તે અક્ષરસઃ સાચો છે. અધીવેશન એકંદર આલ્હાદાક જ રહ્યું છે અને એ જ એની ફળશ્રુતી.

કોઈ આવશ્યક ઠરાવ ત્યાં થવા પામ્યા નથી. દાખલા તરીકે અંધશ્રધ્ધા નીર્મુલન વીધેયક ગુજરાતમાં દાખલ કરવા અંગેનો અતી આવશ્યક ઠરાવ પણ થઈ શક્યો નથી, બલ્કે એવા મહત્ત્વના વીશય ઉપર કોઈ ચર્ચા પણ થવા પામી નથી.

તેમ છતાં ખુબ સારાં પ્રવચનો અંગ્રેજી-હીન્દીમાં સાંભળવા મળ્યાં અને મોટા ગજાના કેટલાક પરપ્રાંતીય રેશનાલીસ્ટો ગુજરાતની પ્રગતી પ્રત્યક્ષ જોઈ ગયા એ સંતોશ પણ કંઈ નાનો તો ના જ ગણાય.

ઉપસ્થીતી ધારણા કરતાં લગભગ બમણી થઈ જવા છતાં વ્યવસ્થા બરાબર જળવાઈ રહી હતી અને પ્રવચનોની ભાશા (અંગ્રેજી-હીન્દી) સીવાય બીજી કોઈ ફરીયાદ ખાસ સાંભળવા મળી નથી. વક્તાઓ અને કાર્યકરોને સ્મૃતીચીહ્નથી સત્કારવામાં આવ્યા હતા.

મહેમાનોની માવજત પણ આપણે ખુબ સારી કરી શકયા. એકંદરે એસોસીએશનના અધ્યક્ષ અશ્વીન કારીઆ, તેમના પત્ની રશ્મીબેન અને તેમની ટીમનાં ખંત અને મહેનતના પરીણામે આ અધીવેશન એક સંભારણું બની રહ્યું.



૧૬ પાનામાં છપાયેલા આ દસ્તાવેજનો અભ્યાસ કરવામાં રસ હોય તેઓ કાર્યાલય ઉપર એક પોસ્ટકાર્ડ લખીને નકલ મંગાવી શકે છે.

પરામર્શક

જયંતી પટેલ

---------- લેખકો ----------

ધવલ મહેતા



દીનેશ શુક્લ

કીરણ નાણાવટી

ચમકારો ગુજરાતની પ્રગતી નરેન્દ્ર મોદીને જ આભારી નહી હોય !

તમે જો એમ માનતા હો કે નરેન્દ્ર મોદી થકી જ ગુજરાત આગળ આવશે, તો તમે ખાંડ ખાવ છો.

ગુજરાતના જ જાણીતા જ્યોતીશી ચેતન પટેલનો આ વર્તારો વાંચો.

"તા. ૨૫મી ડીસેમ્બર શપથ ગ્રહણ કુંડળી સમયે પાંચ બળવાન રાજયોગ– (૧) માંગલ્ય યોગ, (૨) ગજ કેસરી યોગ, (૩) ચંદ્રમાંગલ્ય યોગ, (૪) બુધાદીત્ય યોગ અને (૫) પંચમહાપુરુશ યોગ – રચાયા હતા જે નરેન્દ્ર મોદીના અને ગુજરાતના ભાગ્યવીધાતા છે. વળી આ રાજયોગ છેક ૨૦૦૩ સુધી લંબાવાના છે.

[દીવ્ય ભાસ્કર તા. ૨૬–૧૨–૦૭ પાનું ૬]

હવે કદાચ મુખ્યપ્રધાન પાંચ વર્શ સુધી ગોદડું ઓઢીને, કે ચાદર તાણીને સુતા રહેશે તો પણ ગુજરાત પ્રગતી કરવાનું જ છે.

"મારે આંધળા, બહેરા, મુંગા અને લંગડા વરને પરણવું છે. તમારા ધ્યાનમાં કોઈ છે ?"

"ના, એવો સર્વગુણસંપન્ન એક જ મુરતીયો તો દુર્લભ ગણાય."

★

"ઘરધણી ધમકાવીને ગયો એટલે લાચાર મંછાબેને બીજું કંઈ ના સુઝતાં ભગવાનના નામે કાગળ લખીને ટપાલમાં પધરાવી દીધો, "હે ભગવાન, જો ચડત ભાડું નહીં ભરું તો ઘરધણી મને સામાન સાથે બહાર ફેંકી દેશે. કૃપા કરીને તરત રુ. ૫૦૦/– મોકલ."

સરનામું ના હોવાથી પોસ્ટ માસ્તરે કવર ખોલીને વાંચ્યું અને એનું દીલ દ્રવી ગયું. સ્ટાફમાંથી ફાળો કરીને જેમ તેમ રુપીયા ચારસોનું કવર બનાવીને એણે મંછાબેનને સરનામે મોકલી આપ્યું.

ચાર–પાંચ દીવસ પછી એવું જ બીજું કવર નીકળ્યું. પોસ્ટ માસ્તરે ખોલીને વાંચ્યું. મંછાબેને લખ્યું હતું, "ભગવાન તું તો દયાળુ છે જ, તારા પરની મારી શ્રધ્ધા ફળી. પણ તેં મોકલેલા રુ. ૫૦૦ માંથી રુ. ૧૦૦ ચોરટા ટપાલીઓએ કાઢી લીધા લાગે છે."

"મ...મ... મને લ... લ.... લ... લાગે છે કે ભ...ભ..ભ... ભારતે અ...અ...અ... એટમ બોમ્બ બ...બ...બ... બનાવવો જ... જ...જ... જોઈએ."

"તારા માટે બોલવું સહેલું છે. તેટલો કંઈ એટમ બોમ્બ બનાવવો સહેલો નથી."

★

"સામેના ટેબલ ઉપર પેલા દારુબંધીના ઈન્સ્પેકટર બેઠા લાગે છે."

"તેં કેમ જાણ્યું ?"

"એણે ઘણી વખત મને પકડયો છે."

"તો એને પુછી આવ. અહીં કેમ ? થોડીવારે પુછનાર ગાલ પંપાળતો પાછો ફર્યો.

"શું કહ્યું પેલા ઈન્સ્પેકટરે ?"

"એ બોલવામાં માનતો નથી લાગતો."

★

"ડોકટર, મારી પત્ની માટે તમે ઉંઘની ગોળીઓ આપી'તી એ એક જ દીવસમાં પુરી થઈ ગઈ. બીજી આપશો ?"

"કેમ?"

"એ ઘડીએ ઘડીએ જાગી જાય છે. "

PRINTED BOOK

To,

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Datta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East),
Mumbai - 400 093.

Printed by REAL PRINT SERVICES, Fort, Mumbai - 400001. • Cell : 93237 31040